(૫૪) ધારો કે અમદાવાદથી સુરત ૧૪૩ માઇલ છેટે છે. હવે **ब** કલાકે ૨$\frac{3}{4}$ માઇલ અને **अ** કલાકે ૩$\frac{1}{2}$ માઇલ ચાલે છે. તો બંનેને સુરત સાથે પહોચવું હોય તો **ब** એ **अ** ની પહેલાં કેટલા કલાક અગાઉ નીકળવું જોઇએ ?

(૫૫) એક માણસ કલાકે ૨$\frac{1}{2}$ માઇલ પ્રમાણે ચાલીને ૪ માઇલ દૂર ઓફીસે જાય છે. એક દિવસ કલાક ૨$\frac{3}{4}$ માઇલ ચાલે છે. તો તે દિવસે તેની ઓફીસે કેટલી મિનિટ વહેલો પહોંચશે ?

Area of Rooms, Carpetting, Papering, &c.

આરડીઓનું ક્ષેત્રફળ, તથા તેમાં શેત્રંજી તથા કાગળ જડવા વિષે વિગેરે.



ધારો કે પાસેની આકૃતી એક મેજ઼ છે. તે ૫ ફુટ લાંબું અને ૩ ફુટ પહોળું છે. એટલે લંબાઇ A B અથવા D C ૫ફુટ છે અને પહોળાઇ A D અથવા B C ત્રણ ફુટ છે. હવે જો A B અથવા D C લંબાઇના પાંચ સરખા ભાગ પાડીએ અને A D અથવા B C પહોળાઇના ત્રણ સરખા ભાગ પાડીએ તો આખી આકૃતીના ૧૫ સરખા ભાગ પડી રહેશે અને દરેક ભાગ ૧ ફુટ લાંબો તથા ૧ ફુટ પહોળો થઇ રહેશે. માટે જો કોઇ ચોખુણુ આકૃતીનું માપ કાઢવું હોય તો લંબાઇને પહોળાઇથી ગુણવી. જેમકે ૫ ફુ. લંબાઇ × ૩ ફુ પહોળાઇ=૧૫ ચો. ફુ. ક્ષેત્ર ફળ. જો ફુટને ફુટે ગુણીએ તો ચોરસ ફુટ આવે અને ઇંચને ઇંચે ગુણીએ તો ચોરસ ઇંચ આવે. જો લંબાઇ તથા પહોળાઇમાં જુદા જુદા નામનાં પરિમાણ હોય તો બંનેને એકજ રૂપમાં લાવી ગુણાકાર કરવો જેમકે.

દા. ૧. એક ઓરડી ૫ યા. ૮ ફુ. લાંબી છે અને ૭ ફુટ ૬ ઇં. પહોળી છે તો તેની સપાટીનું ક્ષેત્રફળ કાઢો.

આ દાખલામાં બંને ઠેકાણે જુદા નામનાં પરિમાણ છે માટે બંનેને એકજ રૂપમાં એટલે ઇંચમાં લાવી ગુણાકાર કરવો.૫યા ૮ઇં.=૫×૩×૧૨+૮=૧૮૮ઇંચ. ૭ફુ. ૬ઇંચ=૭×૧૨+૬=૯૦ઇં.૧૮૮ઇં.×૯૦ઇં.=૧૬૯૨૦ ચો. ઇંચ. ૧૬૯૨૦ ચો. ઇં.÷૧૪૪=૧૧૭ ચો.ફુ ૭૨ ચો.ઇંચ ૧૧૭ ચો.ફુટ÷૯=૧૩ ચો.યાર્ડ. માટે ૧૩ ચો.યા. ૦ ચો.ફુ.૭૨ચો.ઇં. જવાબ.

હવે જ્યારે લંબાઈ અને પહોળાઇના ગુણાકારથી ક્ષેત્રફળ આવે છે ત્યારે ક્ષેત્રફળને લંબાઇથી ભાગ્યાથી પહોળાઇ આવે છે અને ક્ષેત્રફળને પહોળાઇથી ભાગ્યાથી લંબાઇ આવે છે માટે નીચેનો નીયમ ધ્યાનમાં રાખવો.

નીયમ. લંબાઇ × પહોળાઈ = ક્ષેત્રફળ. ક્ષેત્રફળ ÷ લંબાઇ = પહોળાઈ. ક્ષેત્રફળ ÷ પહોળાઇ = લંબાઈ.

દા. ૨. એક જમીનનું ક્ષેત્રફળ ૧૩૬ ચો. ફુ. ૨૪ ચો. ઇંચ છે અને તેની લંબાઇ ૧૨ ફુ. ૮ ઇં. છે તો તેની પહોળાઇ કેટલી?

ક્ષેત્રફળ ÷ લંબાઈ = પહોળાઇ માટે ૮૧૭/૬ ચો. ફુ. ÷ ૩૮/૩ ફુ. = ૪૩/૪ ફુ. = ૧૦ ૩/૪ × ૧૨/૧ = ૯; માટે ૧૦ ફુટ ૯ ઇં. જવાબ.

ફુટ × ફુટ = ચોરસ ફુટ માટે ચોરસ ફુટ ÷ ફુટ = ફુટ.

ચોખુણ ઓરડીની દીવાલોનું ક્ષેત્રફળ કાઢવું હોય તો બમણી લંબાઇ તથા બમણી પહોળાઇનો ગુણાકાર કરી ગુણાકારને ઉંચાઇથી ગુણવા. માટે ૨ (લંબાઇ + પહોળાઇ) × ઉંચાઇ = ચારે દિવાલનું ક્ષેત્રફળ.

દા. ૩. એક ચોરસ ઓરડો જેની દરેક બાજુ ૧૪ ફુ. છે અને ઉંચાઇ ૧૦ ફુ. ૪ ઇં. છે. તેની અંદર દીવાલોએ ચોઢવાને ૨ ફુ. પનાનો કેટલો લાંબો કાગળ જોઇએ અને ૧• ઇંચ કાગળની કિમત ૧ પાઇ લેખે કાગળનો ખર્ચ શો થશે?

આમાં ચોરસ ઓરડો છે માટે જેટલી લંબાઈ તેટલીજ પહોળાઇ. ૧૦ ફુટ. ૪ ઇંચ. = ૧૨૪ ઇંચ. ૧૪ ફુ. = ૧૬૮ ઇંચ. ૨ × (૧૬૮ + ૧૬૮) × (૧૨૪) = ૮૩૩૨૮ ચો. ઇં. ચારે દીવાલનું ક્ષેત્રફળ.

જ્યાં પનો આપ્યો હોય ત્યાં ક્ષેત્રફળને પનાથી ભાગવા માટે ૮૩૩૨૮ ચો. ઇં. ÷ ૨૪ ઇં. = ૩૪૭૨ ઇં = ૯૬ યા. ૧ ફુ ૪ ઇં. લંબાઈ.

હવે ૧ ઇંચની કિંમત ૧ પાઇ માટે ૩૪૭૨ ઇં. ની ૩૪૭૨ પાઇ= ૧૮ રૂ. ૧ આ. ૪ પા. ખર્ચ; માટે ૯૬ યા. ૧ ફુ. ૪ ઇં. લાંબો કાગળ તથા ૧૮ રૂ. ૧ આ. ૪ પા. ખર્ચ. જવાબ.

Ex. LXXXIV. એકસર્સાઇઝ ૮૪ મી.

(૧) ૧૦યા.૨ફુ. લાંબા અને ૫યા.૧ફુ.પોહોળા ચોકનું ક્ષેત્રફળ કેટલું ?

(૨) ૨૬ ફુટ પહોળા અને ૩૨ ફુટ લાંબા ઓરડાને માટે કેટલા ચો. યાર્ડ શેત્રંજી જોઇએ ?

(૩)૫ફુટ. ૭ઇં. લાંબા અને ૨ફુ. ૧૦ઇં. પોહોળા પથરાની સપાટી કેટલી?

(૪)એક ચોરસ મકાનની દરેક બાજુ૪૬ફુ ૮ઇં.નીછે તોતેનુંક્ષેત્રફળકેટલું?

(૫) ૧૭ ફુ. લાંબા, ૧૨ ફુ.૭ ઇં. પોહોળા અને ૮ ફુ.૫ઇં. ઉંચા એક ઓરડાની દિવાલોએ ચોડવાને કેટલા ચો. યાર્ડ કાગળ જોઇએ?

(૬) ૧૮ ફુ. ૩ ઇં. લાંબા અને ૮ ફુ. ૬ ઇં. ઉંચા ચોરસ ઓરડામાં કેટલી ફડેતાળ જોઇએ ?

(૭) ૧૧ફુ. ૧૧ઇં. પોહોળો એક ઓરડો જેમાં ૧૭ ચો.યા. ૨ચો.ફુ.૧૩૧ ચો.ઇચ જાજમ પાથરવાને જોઇએ તો તે ઓરડાની લંબાઇ કેટલી?

(૮) એક કાટખુણીઆ મકાનની એક બાજુ ૨૬ યા. ૫ ઇં.છે અને તેનું ક્ષેત્રફળ ૬૮૩ ચો. યા. ૨ ફુ. ૨૫ ઇં. છે તો તે મકાન સમચોરસ છે એમ સાબેત કરો.

(૯)૨૬ફુ.પોહોળા અને૩૫ફુ.લાંબા એવા એક ઓરડામાં૨ ફુ.૪ઇં.પનાનો પોહોળો ગલીચો પાથરવાનો છે તો તે કેટલા યાર્ડ જોઇએ ?

(૧૦) ૨ ફુ.૮ ઇં. પનાના ૨૮૮ યાર્ડ કાગળ એક ઓરડાની દિવાલોને જડાઇ રહે છે; તો ૨ ફુટ ૩ ઇંચ પનાના કેટલા કાગળ જોઇએ ?

(૧૧) એક ચોરસ ઓરડો જેની દરેક બાજુ ૧૮ ફુ. ૯ ઇંચ છે તો તેમાં પાથરવાને ૨ ફુટ ૩ઇંચ પનાની કેટલા યાર્ડ સાદડી જોઇએ?

(૧૨) જો ૧૧ મા દાખલામાં ઓરડાની ઉંચાઇ ૧૩ ફુ. ૪ઇંચ હોય તો ૧ ફુ.૪ઇં.પનાના કેટલા યાર્ડ કાગળ તેની દીવાલોને ચોડવા જોઇએ?

(૧૩) ૨૫ ઘરની હારમાં દરેક ઘરને ૧૭ બારીઓ છે, દરેક બારીને ૪ કાચ છે અને દરેક કાચ ૧૮ ઈ. લાંબો તથા ૯ ઇ. પહોળો છે. ૧ ચોરસ ફુટ કાચના ૬ પેન્સ લેખે બધાં ઘરની બારીઓના કાચનું ખર્ચ શું?

(૧૪) એક ચોગાનમાં ચોડવાને ૨૨૪૦ પથરા જોઇએ છે. દરેક પથરનું માપ ૯ ચોરસ ઇંચ છે. તો તે ચોગાનનું ક્ષેત્રફળ કાઢો.

(૧૫) એક ઓરડો ૫૦ યા. લાંબો અને ૫૦ ફુ. પહોળો છે. તેમાં ૧ ફુ લાંબા અને ૯ ઇં. પહોળા પથરા જડવાને કેટલા જોઇએ? જો ૧ ડઝનની કીમત ૫ પૈં. છે તો તે પથરાની કીમત શી?

(૧૬) ૪ ગજ ઉંચી અને ૨ ગજ ૨૦ તસુ પહોળી બારીમાં જડવાને ૧ ગજ લાંબા અને ૧૭ તસુ પહોળા કેટલા કાચ જોઇએ?

(૧૭) ૧ ચો. યાર્ડે ૬ પે. લેખે ૧૫ ફુ. ૪ઇં. લાંબી અને ૧૪ ફુ. ૬ ઇં. પહોળી ઓરડીમાં શેત્રંજી પાથરવાનું ખર્ચ શું?

(૧૮) ૫૯ ફુ ૪ ઇં. લાંબા અને ૪૮ ફુ. ૯ ઇં. પહોળા ઓરડામાં ૧ ચો. યાર્ડે ૪½ શી. લેખે પથર જડવાનો ખર્ચ શો થશે?

(૧૯) ૨૨ ફુ. ૬ ઇં. લાંબી અને ૧૬ ફુ. ૪ ઇં. પહોળી ઓરડીમાં ૫¾ ફુ. પનાની કેટલા યાર્ડ લાંબી શેત્રંજી જોઇએ?

(૨૦) ૧૨ગજ ૪તસુ લાંબી અને અને ૧૨ ગજ ૬ તસુ પહોળી ઓરડીમાં ૧ ગ. ૬ ત. પહોળાઇની કેટલી લાંબી શેત્રંજી જોઇએ?

(૨૧) ૨૨ ચો. યા. ૭ ચો. ફુ. ૧૧૪ ચો. ઈ. ક્ષેત્રફળવાળી ઓરડીમાં ૨ ફુ. ૬ ઇં. પનાની કેટલી લાંબી શેત્રંજી જોઇએ?

(૨૨) ૩૪ ફુ. ૯ ઈ. લાંબી અને ૨૬ ફુ. ૬ ઈ. પહોળી ઓરડીમાં

પાથરવાને કેટલા ચોરસ યાર્ડ શેત્રંજી જોઈએ ? અને ૧ ચો. યાર્ડ ૪ શી ૬ પે. લેખે તે પાટીઆંનું ખર્ચ શું થશે ?

(૨૩) ૮૧ ગજ લાંબું અને ૩૧ ગજ ૧૨ તસુ પહોળું પ્લેટફોર્મ બનાવવાને ૬ ગજ ૧૮ તસુ લાંબાં અને ૧૦$\frac{1}{2}$ તસુ પહોળાં કેટલાં પાટીઆં જોઈએ ? ૧ ચો. ગજે ૪ આના લેખે તેનું ખર્ચ શું ?

(૨૪) ૩૦ ફુ. ૬$\frac{1}{4}$ ઇં. લાંબી, ૧૮ ફુ. ૫$\frac{3}{4}$ ઇં. પહોળી અને ૧૦ ફુ. ૬ ઇં. ઉંચી ઓરડીની ચારે ભીંતો કેટલા ચોરસ યાર્ડ હશે ? અને ૧ યાર્ડે ૧ શી. ૩$\frac{1}{2}$ પે. લેખે તેમાં કાગળ જડવાનો ખર્ચ શો ?

(૨૫) ૯ ગજ ૧૦ તસુ લાંબી, ૮ ગ ૫ ત. પહોળી અને ૪ ગ. ૧૮ ત. ઉંચી ઓરડીમાં ૨ ત. લાંબા અને $\frac{1}{2}$ ત. પહોળા કેટલા કાગળ જોઈએ ?

(૨૬) ૨૨ ફુ. ૫ ઇં. લાંબી, ૧૨ ફુ ૧ ઇં. પહોળી અને ૧૧ ફુ. ૩ ઇં. ઉંચી ઓરડીમાં ચોડવાને $\frac{3}{4}$ યા. પનાના કેટલા કાગળ જોઈએ અને ૧ યાર્ડના ૪$\frac{1}{2}$ પે. લેખે કાગળનો ખર્ચ શો ?

(૨૭) ૧૬ ફુ. પહોળી, ૨૧ ફુ. લાંબી અને ૧૧ ફુ. ઉંચી ઓરડીમાં ૭ ફુ. લાંબું અને ૩ ફુ. પહોળું એક બારણું છે અને ૮ ફુ. લાંબી અને ૪ ફુ. પહોળી એવી બે બારીઓ છે. ૧ યાર્ડે ૨$\frac{1}{2}$ પે. લેખે ૨ ફુ. પહોળાઇના તેમાં કાગળ જડવાનું ખર્ચ શું ?

(૨૮) ૩૨ ફુ. ૬ ઇ લાંબી, ૨૭ ફુ. ૩ ઇં. પહોળી અને ૧૬ ફુ. ઉંચી ઓરડીમાં ૧ યાર્ડે ૪ શી. ૪$\frac{1}{2}$ પે. લેખે $\frac{3}{4}$ યાર્ડ પનાની શેત્રંજી જડવાનું તથા ૧ યાર્ડે ૧૦$\frac{1}{2}$ પે. લેખે ૨ ફુ. પહોળાઇના કાગળ જડવાનું ખર્ચ શું ?

(૨૯) ૨૧ ફુ લાંબી, ૧૫ ફુ. ૫ ઇં. પહોળી અને ૧૧ ફુ ૮ ઇં. ઉંચી ઓરડીની દીવાલોને રંગવાનો ખર્ચ ૫ પૌં. ૧૨ શી. ૬ પે. છે. તો ૧ ચો. ફુટે ખર્ચ કેટલો તથા તેની સીલીંગ રંગવાનું બીજું વધારે ખર્ચ કેટલું ?

(૩૦) ૬ ગજ ૬ તસુ લાંબી, ૫ ગજ ૬ તસુ પહોળી અને ૫ ગજ ઉંચી ઓરડીમાં કાગળ જડવાને ૧ ગજ ૬ તસુ પહોળાઇના કેટલા ગજ કાગળ જોઇએ ? તેમાં ૩ ગજ ૧૨ તસુ લાંબું અને ૨ ગજ પહોળું બારણું છે અને ૩ ગજ લાંબી અને ૧ ગજ ૧૮ તસુ પહોળી એક બારી છે. તથા ૧ ગજે ૧ આ. ૩ પાઇ લેખે કાગળનું ખર્ચ શું ?

ઘનમાપ (Cubic Measure.)

રીતઃ—ઘનમાપ કાઢવા માટે લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇ (જાડાઈ અથવા ઉંડાઇ) એ ત્રણેનો ગુણાકાર કરવો. પણ લંબાઇ, પહોળાઇ અને ઉંચાઈ (જાડાઇ અથવા ઉંડાઇ) એ ત્રણેને પહેલાં એકજ નામના પરિમાણમાં લાવ્યા પછી ગુણાકાર કરવો.

જો ઘનમાપ આપ્યું હોય અને બીજાં બે માપ આપ્યાં હોયતો ઘનમાપને બીજા બે માપના ગુણાકારે ભાગવાથી ત્રીજું માપ નીકળે છે.

નીયમઃ—લંબાઇ × પહોળાઇ × ઉંચાઇ (જાડાઈ અથવા ઉંડાઇ)=ઘનમાપ. તેટલા માટે ઘનમાપ÷(પહોળાઇ × ઉંચાઇ) = લંબાઈ. ઘનમાપ ÷ (લંબાઇ × ઉંચાઇ) = પહોળાઇ. ઘનમાપ ÷ (લંબાઈ × પહોળાઇ) = ઉંચાઇ.

દાખલો ૧.—એક લાકડું ૩૦ ફુટ લાંબું, ૨ ફુ. ૩ ઇંચ પોહોળું અને ૨ ફુ ૫ ઇંચ જાડું છે તો તેનું ઘનમાપ કેટલું ?

૩૦ ફુ.=૩૬૦ ઈંચ; ૨ ફુ ૩ ઇંચ = ૨૭ ઇંચ; ૨ ફુ. ૫ ઈંચ =૨૯ ઇંચ. ૩૬૦×૨૭×૨૯=૨૮૧૮૮૦ ઘન ઈંચ.

૧૭૨૮)૨૮૧૮૮૦ ઘ. ઈં.

૨૭) ૧૬૩ ઘ. ફુ. ૨૧૬ ઘ. ઇં.

૬ ઘ. વા. ૧ ઘ. ફુ. ૨૧૬ ઘ. ઇંચ.

માટે ૬ ઘ. વા. ૧ ઘ. ફુ. ૨૧૬ ઘ. ઈ. જવાબ.

દાખલો ૨. ૧૦ ફુ. ૪ ઈંચ પોહોળા અને ૧૦ફુ. ૬ઈ. ઉંચા એવા એક ઓરડામાં ૧૫૧૯ ઘ. ફુ. હવા છે તો તેની લંબાઇ કેટલી ?

૧૦ ફુ. ૪ ઈ.=૧૨૪ ઈ. ૧૦ ફુ. ૬ ઈ=૧૨૬ ઈ.

૧૨૪×૧૨૬=૧૫૬૨૪ ચો. ઈ. ઘ. ઈં.÷ચો. ઈં.=ઈં.

૧૫૧૯ ઘ. ફુ.=૨૬૨૪૮૩૨ ઘ. ઈં. ઘ. ઈં.÷ચો. ઈં.=ઈં.

માટે ૨૬૨૪૮૩૨ ઘ. ઈં. ÷૧૫૬૨૪ઈં.=૧૬૮ઈ.=૧૪ફુ. જવાબ.

Ex. LXXXV. એકસરસાઇઝ ૮૫ મી.

(૧) ૧૮ ફુ. ૯ ઈ.×૧૩ ફુ. ૪ ઈ.×૮ ફુ. ૪ ઈ. (૨) ૩ ફુ. ૯ ઈ.×૬ ફુ. ૮ ઈ.×૨ ફુ. ૧ ઈ. (૩) ૧૧ ફુ. ૩ ઈ.×૩ ફુ. ૪ ઈ.×૧૦ ફુ. ૫ ઈ. (૪) ૫ યા.×૬ યા. ૨ ફુ×૪ ફુ. ૨ ઈ. (૫) ૭ ફુ. ૪ ઈ.×૫ યા.×૮ ફુ. ૩ ઈ. (૬) ૯ ફુ. ૨ ઈ.×૨ યા.×૬ ફુ ૮ ઈં.

(૭) એક ચોરસ વાસણ જેના તળીઆની દરેક બાજુ ૩ ફુ. ની છે અને ઉંચાઇ ૨ ફુ ૧૦ ઈં. છે તો તેમાં કેટલા ઘનફુટ પાણી માશે ?

(૮) એક ભારોટીઓ જેની લંબાઇ ૨૦ ફુ., પોહોળાઇ ૩ ફુ. અને જાડાઈ ૨ ફુ. ૬ ઇંચ છે તો તેમાં કેટલું લાકડું હશે ?

(૯) એક ઘન જેની દરેક બાજુ ૭ ફુ.૫ઇં.નીછેતોતેનું ઘનમાપ કેટલું ?

(૧૦) એક ચોરસ તળાવ જેની દરેક બાજુ ૧૨ યા. ની છે તેમાંથી ૩૩૬ઘ. યાડ માટી કાઢી લેવામાં આવી, ત્યારે તે કેટલું ઉંડું થયુંહશે?

(૧૧) ૫ ફુ ૬ ઈં. ઉંડી અને ૧૦ ફુ. ૮ ઈં. પહોળી એવી એક ખાઇનું ઘન માપ ૭૦૪૦ ઘ. ફુ. છે તો તેની લંબાઈ કેટલી?

(૧૨) ૭ ફુ. ૩ ઈં. ઉંડી, ૨૦ ફુ. ૪ ઇંચ પોહોળી અને ૧૦ માઇલ લાંબી એવી એક નહેરમાં કેટલા ઘ. ફુટ પાણી માશે ?

(૧૩) ૩૬ ફુ. લાંબા, ૯ ફુ. પહોળા અને ૧૨ ફુ. ઉંચા ઢગલામાં ૯ ઈં.

લાંબી, ૪$\frac{1}{2}$ ઇં. પહોળી અને ૩ ઇં. જાડી કેટલી ઇંટો હશે?

(૧૪) ૪૨ ગજ લાંબી અને ૨૦ ગજ પહોળી એક ઓરડીમાં ૪૨૦ છોકરાં બેસી શકે છે. જો દરેક છોકરાને ૨૦$\frac{1}{2}$ ઘનગજ હવા જોઇએ તો તે ઓરડી ઉંચી કેટલી હશે?

(૧૫) ૨ યા. ૨ ફુ. લાંબી, ૨ યા. પહોળી અને ૪ ફુ. ઉંડી ટાંકીમાં કેટલા ઘન ફુ. પાણી માશે? જો ૧ ઘ. ફુ. પાણીનું વજન ૧૦૦૦ ઔંસ થાય તો તે ટાંકીમાંના પાણીનું વજન કેટલું?

(૧૬) ૧ ઘ. ફુ. લાકડાનું વજન ૨૦ રતલ છે. ૩૦ ફુ. લાંબાં, ૧ ફુ. પહોળાં અને ૧ ઈં. જાડાં ૧૦ પાટીઆંનું વજન કેટલું?

(૧૭) ૩૯ ફુ ૬ ઇં. લાંબા અને ૩ ફુ. ૭ ઇં. જાડા અને તેટલાજ પહોળા પાટડાની ૧ ઘ. ફુટે ૨ શી. ૬ પે. લેખે આખા પાટડાની કિંમત શી?

(૧૮) ૧૮ ફુ. ૯ ઇં. લાંબી અને ૧૩ ફુ. ૪ ઇં. પહોળી ઓરડી ૨ ઈં. પાણીથી ભરેલી છે. ૧ ઘ. ફુ. પાણીના ૬૨$\frac{1}{2}$ પૌંડ વજન લેખે ભરેલા પાણીનું વજન કેટલું?

(૧૯) ૧૩ ફુ. ૬ ઇં. લાંબી અને ૧૨ ફુ ૪ ઇં. પહોળી ઓરડીમાં જડવાને ૧૭ ઘ. ફુ. ૫૯૪ ઘ. ઇં. લાકડું જોઇએ છે તો પાટીઆની જાડાઇ કેટલી?

(૨૦) ૧૩ ગજ ૨૧ તસુ લાંબી અને ૩ ગજ પહોળી ટાંકીમાં ૭૩$\frac{95}{96}$ ઘ. ગજ પાણી માય છે. તો પાણીની ઉંડાઈ કેટલી?

Scholarship Examination Papers.

1888.

(૧) જો ૪ વર્ષમાં ૧૭૬ પા. ૫ શી. ની રાશ ૧૯૭ પા. ૮ શી. થાય તો કેટલા વખતમાં ૧૦૭૫ પા. ૧૦ શી ની રાશ (બ્યાજમુદ્દલ) ૧૫૫૯ પા. ૯ શી. ૬ પે. થશે?

(૨) (a) $\dfrac{૪\frac{૧}{૫} - (\frac{૨}{૩} \text{ ના } \frac{૫}{૬})}{૧\frac{૨}{૩}+૧\frac{૩}{૭}-\frac{૨}{૫}} \times \dfrac{૧}{\frac{૧}{૨}+\frac{૧}{૩}+\dfrac{\frac{૧}{૬}}{\frac{૩}{૪}-\frac{૧}{૩}}}$ ને સાદા રૂપમાં આણો.

(b) ૩·૬ ના ·૩૫૪ના ·૪૨૮૫૭૧ના ૧૮શી. ૬પે. ની કીમત કાઢો.

(૩) ૧ આંઉસની કિંમત ૩ પા. ૧૭ શી. ૧૦$\frac{૧}{૨}$ પે.લેખે૧૧આંઉસ ૧૩ પેનીવેટ ૮ ગ્રેનની કિંમત કેટલી ? (પાંતી)

(૪) જો ૩ માણસો દહાડાના ૮ કલાક પ્રમાણે કામ કરે તો ૫ દિ. માં૮૦ફુ. લાંબી, ૬ ફુ.ઉંચી અને૨ ફુ. જાડી દિવાલ બાંધી શકે છે તો ૨ માણસો દહાડાના ૩$\frac{૧}{૨}$ ક. પ્રમાણે કામ કરે તો ૨૫ દિ. માં ૭ ફુ. ઉંચી અને ૪ ફુ. જાડી દિવાલ કેટલી લાંબી બાંધશે ?

(૫) કઈરકમ ૫ટકે વ્યાજે મુકીએ કે વર્ષે દહાડે૧૨૦૦રૂ નીઆવકથાય?

(૬) જ્યારે ઘઉંનો ભાવ દર મણે ૨ રૂ. ૪ આ. છે, તો એક રૂપીઆનો લોટ ૧૦ શેર આવે છે તો જ્યારે ઘઉંનો ભાવ દર મણે ૫ રૂ. છે ત્યારે ૯ મણ લોટની કિંમત શી ?

(૭) ૬ ટકા પ્રમાણે૭$\frac{૧}{૨}$વર્ષમાં એક રકમની રાશ (વ્યાજ સુદલ) ૬૫૯૭ પા. ૧૦ શી. થાય છે તો તે રકમ કેટલી ?

1889.

(૧) એક ટનની કીમત ૨ પા. ૧૩ શી. ૪ પે. લેખે ૭ ટન ૧૫ હં. ૩ ક્વા. ની કેટલી કિંમત ? (પાંતી)

(૨) નીચલા દાખલાને સાદા રૂપમાં આણો:—

(a) $(\frac{૧}{૩}+\dfrac{\frac{૩}{૭}}{૧\frac{૩}{૫}}+\frac{૧}{૬}\frac{૧}{૪}+\frac{૫}{૧૬}-૧)+\frac{૫}{૧૬}\text{ના}\frac{૫}{૧૬}\text{ના}૨\frac{૫}{૧૩}$ (b)·૧૫૦૦ના·૪૭૨+૨·૦

(૩) એક ઘડીઆળ દર કલાકે ૨ મિ. ૧૮ સે. વહેલી ચાલેછે તો આ પ્રમાણે ૫ દિ. ૯ ક. ૩૦ મિ. માં કેટલી વહેલી ચાલશે ?

(૪) ૩$\frac{૧}{૨}$ ટકા પ્રમાણે ૪ વર્ષ ૬ મ. માં કઈ રકમની રાશ ૪૦૫$\frac{૧}{૨}$ રૂ. થશે ?

(૫) એક માણસ દહાડાના ૭ કલાક પ્રમાણે ચાલે તો ૬ દિ. માં ૧૬૮ માઈલની મુસાફરી પુરી કરે છે. હવે જો તે માણસ આગળ કરતાં બમણી ઉતાવળે ચાલે તો દહાડાના ૬ ક. પ્રમાણે ૭૨૦ માઈલની મુસાફરી કેટલા વખતમાં પુરી કરશે ?

1890

(૧) નીચલા દાખલાને સાદા રૂપમાં આણો.

(a) $$\frac{૧+૨\frac{૧}{૩}+૩\frac{૧}{૩}}{\frac{૧}{૧\frac{૧}{૨}}+\frac{૨}{૨\frac{૧}{૩}}+\frac{૩}{૩\frac{૧}{૪}}} \times \frac{૫૫\frac{૨}{૩}\div૧૧}{૧૩\frac{૨}{૩}\text{ના }૮\frac{૩}{૧૬}}$$

(b) $$\left\{\frac{૭}{૫-\frac{૪}{૯}}\div૩-\frac{૨}{\frac{૩-\frac{૧}{૨}}{૪-\frac{૩}{૨}}}\right\}+\frac{૫}{૬}\text{ના}\left\{\frac{૧}{૧\frac{૩}{૭}}+\frac{૩\frac{૧}{૩}-૨\frac{૧}{૨}}{\frac{૪૭}{૨૧}-૨}\right\}$$

(૨) ·૦૭૬ને ·૦૦૦૭થી ગુણો અને જે ગુણાકાર આવે તેને ·૦૦૦૦૧૯થી ભાગો.

(૩) $\frac{૩}{૫}$ ના ૧૭ રૂ. ૬ આ. ૪ પૈ + ૩$\frac{૩}{૭}$ ના ૧૨ રૂ. ૫ આ. ૧૧$\frac{૧}{૩}$ પૈ. +૫·૪૯૫૮૩̇ રૂ. ની કીમત કાઢો.

(૪) ૧ હં. ની કીમત ૫ પા. ૧૧ શી. ૭$\frac{૩}{૪}$ પે. લેખે ૨ ટન ૧૫ હં. ૨૭ પા. ની કિંમત કેટલી ? (પાંતી)

(૫) ૪ ટકા પ્રમાણે ૩ વર્ષમાં કઈ રકમની રાશ ૮૭૬ રૂપીઆ થશે !

(૬) ૫ ટકા પ્રમાણે કેટલા વખતમાં ૯૨૪ રૂ. ની રાશ ૧૧૫૫રૂ. થશે ?

(૭) જો ૫ માણસો દહાડાના ૬ કલાક પ્રમાણે કામ કરે તો ૬ દિ. માં ૧૨૦૦ ફુ. લાંબા અને ૮૦૦ ફુ. પોહોળા ખેતરની કાપણી કરે છે તો દહાડાના ૫ ક. પ્રમાણે ૮ દિ. માં ૬ માણસો ૧૨૮૦ ફુ.

લાંબા ખેતરની કાપણી કરે છે તો તે કેટલું પહોળું હોવું જોઇએ ?

(૮) જો ૪૦ મરદો અને ૫૦ છોકરા દહાડાના ૬ કલાક પ્રમાણે કામ કરે તો ૬ દિ. માં એક કામ કરી શકે છે, તો દહાડાના ૭ ક. પ્રમાણે કામ કરે તો તેનાથી દોઢ ઘણું કામ કરવાને ૮ મરદો અને ૨૦ છોકરાને કેટલો વખત લાગશે ? જેટલું કામ એક છોકરો ૫ ક. માં કરેછે તેટલું એક મરદ ૩ ક. માં કરેછે.

1892

(૧) નીચલી સંખ્યાઓને શબ્દોમાં લખો.

૪૧૮૨૫૪; ૯૮૭૬૫૪૩૨૧; અને ૫૭૦૭૦૬૮૯૮૦

(૨) નીચલા દાખલાઓને સાદા રૂપમાં આણો.

(a) $\frac{૧\frac{૧}{૪} - \frac{૫}{૧૬}}{૧\frac{૧}{૪} + \frac{૫}{૧૬}} + \frac{૭}{૮}$ના $\frac{૯ \times ૫}{૧૪ \times ૩} - \frac{૧૧\frac{૧}{૪}}{૧૫}$

(b) ·૦૫૭૬×૧·૯૭+·૧૪૨૮૫૭÷૨$\frac{૧}{૭}$+·૦૪૫૪૮૬,૪

(૩) જો ૧ રૂપીઓ=૧શી. ૩પે. છે. તો ૫૩૮૯રૂ. ૮આનાની કિંમત શી ?

(૪) ૧ હં. ના ૭ પા. ૧૩ શી. ૬ પે. લેખે ૬ હં. ૩ કો. ૧૨ પાં. ની કિંમત કેટલી ? (પાંતી)

(૫) જો ૧૦ માણસો ૧ કામ ૨૪ દિ. માં કરે છે તો તેનાથી ૭ ઘણું કામ આપેલા વખતના $\frac{૪}{૫}$ વખતમાં કરવાને કેટલા માણસ જોઇએ ?

(૬) ૪$\frac{૧}{૨}$વર્ષમાં કેટલાં ટકા પ્રમાણે ૯૩૬ પા. ૧૩ શી. ૪ પે. ની રાશ (વ્યાજ મુદલ) ૧૧૫૭ પા. ૭ શી. ૪$\frac{૧}{૨}$ પે. થશે ?

(૭) જો ૧$\frac{૧}{૨}$ વર્ષમાં ૧૨૫ રૂ. ની રાશ ૧૩૪ રૂ. ૬ આ. થાય છે તો કેટલા વર્ષમાં ૫૫૦ રૂ. ની રાશ ૬૭૩ રૂ. ૧૨ આ. થશે?

1893

(૧) Three hundred and sixty millions, ninety-

eight thousand and six અને forty-thousand, five hundred and sixty-three નો સરવાળો કરો ને જે જવાબ આવે તેને શબ્દોમાં લખો

(૨) $\frac{૩-\frac{૧}{૩}}{૩+\frac{૧}{૩}}$ ના $\frac{૨-\frac{૧}{૨}}{૨+\frac{૧}{૨}} \div \frac{૩+\frac{૧}{૩}}{૩-\frac{૧}{૩}}$ ના $\frac{૨+\frac{૧}{૨}}{૨-\frac{૧}{૨}}$ ને સાદા રૂપમાં આણો.

(૩) દહાડાના ૧૦ ક. પ્રમાણે જે કામ ૨૭ મરદો ૨૮ દિ.માં કરેછે તે કામ ૪૫ દિ.માં કરવાને ૪૨ છોકરાએ દહાડાના કેટલા કલાક પ્રમાણે કામ કરવું જોઇએ? ૧ છોકરો ૧ મરદનું $\frac{૨}{૩}$ કામ કરેછે.

(૪) ૧ એકરના ૩ પા. ૧૩ શી. ૪ પે. લેખે ૧૩૪ એ. ૩ રૂ. ૧૬ પો. ની કિંમત કેટલી? (પાંતી)

(૫) ચાર ઘંટ અનુક્રમે ૩, ૭, ૧૨, અને ૧૪ સેકન્ડના અંતરે વાગે છે અને તેઓ એકજ પળે વાગવાનું શરૂ કરેછે તો ફરીથી સાથે કયારે વાગશે ?

(૬) જો ૩ વરસમાં ૧૨૪ પા. ની રાશ ૧૩૮$\frac{૨૨}{૨૫}$ પા. થાય તો કેટલા વખતમાં ૧૨૪૫ પા. ની રાશ ૧૬૧૮ પા. ૧૦ શી. થશે ?

(૭) જો ૧ કિલોમિટર=$\frac{૫}{૮}$ના ૧ માઇલ છે તો ૧૭ મા. ૬ ફ. ૮૨ યા. ૬$\frac{૧}{૨}$ ફુટના કિલોમિટર કેટલા ?

(૮) એક અનાજનો કોથળો ૩ સસલાં અથવા ૫ ડુક્કરનાં બચ્ચાંને ૧ મહિનો ચાલે છે; તો તે ૯ સસલાં અને ૫ ડુક્કરનાં બચ્ચાંને કેટલો વખત ચાલશે ?

1894

(૧) $\frac{૬\frac{૧}{૪} ના ૪\frac{૧}{૩}}{૧\frac{૫}{૮}-૧\frac{૧}{૬}} - \frac{૧૩\frac{૪}{૭}+૫}{૮\frac{૧}{૨૪}+૨\frac{૨}{૩}} + \frac{\frac{૫}{૬}-\frac{૧}{૭}}{૩\frac{૩}{૭} ના ૨\frac{૧}{૨૪}}$ ને સાદા રૂપમાં આણો:

(૨) ૩.૧૨૫ ના ૧૦ રૂ.+૨.૫ના ૮ આના + ૪.૨ના ૫ પૈ.ની બરા-બર કિંમત કાઢો.

(૩) ૧ તોલાના ૨૮ રૂ. ૮ આ. લેખે ૧૮ તોલા ૧૦ માસા અને ૫ રતિની કિંમત કાઢો. (પાંતી)

(૪) જો ૫ મરદ ૧ દિ. માં ૮ છોકરા જેટલું કામ કરે, તો જે કામનો ૧/૨ ભાગ ૧૫ મરદોએ ૧૬ દિ.માં કીધો તે કામ પુરૂં કરવાને ૩૨ છોકરાને કેટલો વખત લાગશે ?

(૫) જો ૩ ઘોડાની કિંમત ૭ બળદ જેટલી છે અને ૫ બળદની કીમત ૧૮ ઘેટાં જેટલી છે, અને ૧ ઘેટાની કિંમત ૧ પા. ૮ શી. પડે છે તો ૬૦ ઘોડાની કિંમત કેટલી ?

(૬) એક માણસે પોતાની મિલકતનો ૫/૧૨ ભાગ પોતાના છોકરાને, જે બાકી રહ્યું તેનો ૬/૧૨ છોકરીને અને બાકીનું પોતાની સ્ત્રીને આપ્યું. છોકરાંઓના ભાગનો તફાવત ૧૩૨૦ રૂ. હતો તો આખી મિલકત કેટલી કિંમતની હશે ?

(૭) એક સરાફ ૩½ ટકા લેખે નાણાં કાઢે છે અને વર્ષ દહાડે વ્યાજ આપે છે; તે ૫ ટકા લેખે ધીરે છે અને ૭ ૭ મહિને વ્યાજ લે છે અને આ રીતે વર્ષ દહાડે ૨૦૦ પા. કમાય છે. તો તેણે કેટલાં નાણાં કાઢેલાં હશે ?

1895.

1. Write in words the number required to be subtracted from one million, two hundred and fifty thousand to leave seven hundred thousand, nine hundred and twenty-one. 5

2. Reduce $\frac{2}{5}$ of a guinea+$\frac{1}{2}$ of $\frac{3}{4}$ of 1£ 12

$+\frac{4}{6}$ of $\frac{3}{4}$ of a crown $+ \frac{1}{3}$ of $\frac{5}{8}$ of 1 *s.* to the docimals of £1 and £100.

3. If an income of £600 pays £1o for income tax, how much must be paid on an income of £345 10*s.* 0*d.* when the tax is half as much again ? 13

4. What is the cost of the carpet for a room, the dimensions of which are 21 feet long, $15\frac{3}{4}$ feet wide, at 1*s.* $2\frac{3}{5}$*d.* per square yard ? 10

5. Find by practice the value of 5lbs. 9 oz. 7 dwt. 12 grs. of gold at £3 17*s.* 10*d.* per oz. 13

6. One clock strikes four times while an other strikes three. It is observed that they both begin striking a certain hour to gether and that the last stroke of one is simultaneous with the last stroke but two of the other, What o'clock is it ? 16

7. If 35 metres=39 yards, 17 metres=9 toises, and 5 plethra =124 toises, how many yards are there in 1575 plethra ? 15

8. A sum of money amounts in 10 years at $3\frac{1}{2}$ percent. simple interest to £506 15*s.* $1\frac{1}{2}$*d.* In how many years will it amount to £703 16*s.* $6\frac{3}{4}$*d* ? 16

1896.

1. Simplify—

$\frac{91}{122} \times \left(4\frac{1}{5} \text{ of } 6\frac{2}{7} + \frac{3}{14} \right) \div \left\{ 4\frac{1}{8} \text{ of } \left(6\frac{2}{7} + \frac{3}{14}\right) \right\}$ 8

2. A waggon is loaded with 100 bags of grain; the bag itself in each case weighs 6 lbs. 11 oz. and each bag contains 85 lbs. of grain. What is the weight of the whole load in tons, cwts. qrs. lbs.? 10

3. If a sovereign weigh 5 dwts. 3 grains and a shilling weigh 3 dwts. 15 grains; how much less will 48 sovereigns weigh than the equal value in shillings? 10

4. If 7 men and 2 women earn £51 in 8 weeks, and 4 men and 2 women earn £46 10*s.* in 12 weeks; what are the weekly wages of a man and a woman? 10

5. Find by practice the cost of a fence 3 furlongs 11 poles $3\frac{1}{4}$ yds. long at £183 6*s.* 8*d.* per mile. 10

6. If 6 compositors in 16 days of $10\frac{1}{2}$ hours each can set in type 720 pages, each containing 60 lines with 40 letters in a line; in how many days of 7 hours each will 9 compositors set in type 960 pages, each containing 45 lines with 50 letters in a line? 12

7. Simplify— 8

$(\cdot5 + \cdot75) \times (2\cdot5 - \cdot4) \div (\cdot125 + \frac{1}{4\cdot8})$

8. What sum lent at $4\frac{1}{6}$ por cent. simple interest for $3\frac{1}{3}$ years will produce the same amount as £962 10s. lent at $5\frac{1}{7}$ per cent. for $5\frac{1}{4}$ years? 12

9. If 5 fowls are worth 3 ducks, 14 ducks worth 5 geos, and 3 geese worth 2 turkeys; what is the price of a fowl when a turkey costs a guinea? 14

10. If 15 men can do as much work in the same time as 21 boys, how long will it take 25 men to do what 30 boys do in 14 hours? 10

1897.

1. Find the least fraction which, added to the sum of $\frac{3}{4}$, $\frac{7}{6}$, and $\frac{29}{12}$, shall make the result an integor. 15

2 Express the value of $\cdot8\dot{3}$ of 8s. + $\cdot\dot{0}\dot{5}$ of 2 guineas + 1·8 of 5s. as the decimal of half a guinea. 20

3. If 10 cannon firing 3 rounds in 5 minutes kill 270 men in $1\frac{1}{2}$ hours, how many cannon firing 5 rounds in 6 minutes will kill 500 men in 1 hour? 20

4. A person purchased land at £60 and 25
£56 per acre respectively; the former he let at £2 and the latter at £2 2*s.* per acre per annum; find the rate of interest he obtained in each case and the advantage of the second purchase over the first (as far as interest is concerned).

5. Find the cost (by practice) of 22 qrs. 15
4 bus. 3 pks. of wheat at 5*s.* $8\frac{1}{4}$*d.* per bushel.

1898.

1. Find four fractions whose numerators 10
shall be 7, 9, 11, and 13 respectively, and whose sum shall be 8.

2. Find the value of:— 15

$$1 - \cfrac{\cdot\dot{3}}{1 - \cfrac{\cdot\dot{3}}{1 - \cfrac{\cdot\dot{3}}{1 - \cdot\dot{3}}}}$$

of 3 rupees and 4 annas.

3. Find by practice the value of 60 acres 10
3 roods 8 poles at £12 2*s.* 8*d.* per acre.

4. A man spends in 4 months as much 10
as he earns in 3; how much will he save from an annual income of 300 rupees ?

5. Find the smallest number which, when divided by 17, 15, 13, and 11, will leave in each case the remainder 9. 15

6. If 30 men working for 12 days of 6 hours each can mow a field 2500 yards long and 1800 yards broad, what must be the length of a field 600 yards broad which 8 men can mow in 6 days of 5 hours each? 15

7. What sum placed at $4\frac{1}{5}$ per cent for $3\frac{1}{2}$ years will have the same amount as £962 10*s.* placed at $5\frac{3}{7}$ per cent. for $5\frac{1}{4}$ years? 10

8. A lends £300 to B for 2 years and £75 to C for 4 years, and receives altogether from both £60 as interest: find the rate of interest. 15

1899.

1. Simplify—

$$\frac{\frac{3}{7}\left(\frac{5}{19} \text{ of } 3\frac{1}{5} - \frac{1}{3} \text{ of } 2\frac{1}{8}\right)}{\frac{1}{23} \times 1\frac{6}{17} \times 1\frac{15}{19} - \frac{7}{36} \div 2\frac{1}{3}} \div \frac{\frac{1}{5} + \frac{5}{12} - \frac{1}{13}}{\frac{1}{3} \times \frac{1}{4} + \frac{1}{17} \times 1\frac{4}{17}}$$

and $\dfrac{1 \cdot 8\dot{3} + 2 \cdot 041\dot{6} + \cdot\dot{3} - 3\frac{1}{3}}{1 \cdot 0025 + \cdot 0625 - 1\frac{1}{16}}$.

2. If in a city $\frac{1}{3}$ of the population can read, $\frac{9}{20}$ of the remainder can read and write, $\frac{3}{100}$ of the remainder can read, write and 15

cipher, and the remaining 50050 are ignorant; find the total population of the city.

3. If a boy do half as much work as a man, and if 27 men working 10 hours a day do a piece of work in 28 days, how many hours a day would 42 boys have to work to finish the same work in 45 days? 10

4. If 2 horses be equal in value to 7 bullocks and 3 bullocks to 5 sheep, and the price of a sheep be Rs. 2·45, what is the value of 10 horses? 15

5. The product of three numbers is 1200; the third is three times as great as the second and the sum of the second and third is 20; find the first number. 15

6. Find, by practice, the cost of 156 acres 3 roods 24 poles 11 square yards at Rs. 25 as. 3 p. 4 per per acre. 10

7. If the interest on £125 for 3 years be £13 2*s.* 6*d.*, what will be the interest on £200 for 5 years at the same rate, simple interest? 12

8. A certain sum amounts to Rs. 550 in 2 years and to Rs. 600 in 4 years; find the sum and the rate per cent. 11

દાખલાઓના જવાબ. ANSWERS.

Ex. 1. (૧) ૯૬૫૮૦; ૧૭૩૭૬. (૨) ૧૨૩૦૬૮૦; ૧૪૨૧. (૩) ૮૦૪૨૫; ૧૨૬૦૦૦૦. (૪) ૧૧૫૧૫૬૨; ૬૮૫૧૭. (૫) ૨૦૧; ૯૭૫. (૬) ૧૮૮૬૬૩; ૮૮૫૬૦. (૭) ૮૫૫૦; ૧૩૪૭૧૯૨. (૮) ૯૪૫; ૮૮૨૦૪. (૯) ૨૭૮૯૧૨; ૧૬૬૩૨૦૬૪. (૧૦) ૧૮૬૩૬૮૦; ૧૯૪૩૯૩૭૫. (૧૧) ૧૭૭૦૦૫૮૩; ૧૧૨૦૦. (૧૨) ૨૧૭૮૪; ૮૮૭૦૫૯. (૧૩) ૩૪૩૫૫૫; ૩૪૪૧૫૦. (૧૪) ૨૦૬૪; ૨૫૨૦૦. (૧૫) ૧૩૪૯૦૪; ૧૯૫૮૪૦. (૧૬) ૪૭૧૧૨૫૪૪; ૬૮૬૪. (૧૭) ૪૨૦૨; ૪૫૭૮૦. (૧૮) ૪૪૧૬૦; ૮૮૦૧૬ ૧/૨. (૧૯) ૯૮૭૯૪૦૮૦; ૫૬૮૦. (૨૦) ૨૭૩૪૬૦; ૧૩૮૮૪૭ ૧/૨. (૨૧) ૧૫૬૦૪૦ ૧/૪; ૮૭૬૦. (૨૨) ૨૬૦૦૩૪ ૩/૪; ૬૧૮૮૭૨૪. (૨૩) ૭૯૪૧૫૩; ૭૮૩. (૨૪) ૧૨૪૫૮૮૮; ૫૯૯૬૧૬. (૨૫) ૪૫૦૪; ૫૮૨૪. (૨૬) ૪૪૦; ૧૦૯૬. (૨૭) ૨૪૩૪૪; ૧૧૬૦. (૨૮) ૧૮૮; ૩૯૩૬. (૨૯) ૨૭૩૩૬; ૨૨૨૬૬૦૦૦. (૩૦) ૨૬૭૪૮૫૯; ૩૯૬૦. (૩૧) ૨૩૬૨૫. (૩૨) ૨૫૯૨૦૦. (૩૩) ૧૪૫૫૩૭૨૦.

Ex. 2. (૧) ૧૯૧ રૂ. ૧૫ આ. ૨ પા.; ૧૦૪૧૬ રૂ. ૧૦ આ. ૮ પા. (૨) ૫૯૦૯ પા. ૧૮ શી. ૯ ૧/૨ પે.; ૧૦૫૦ પા. (૩) ૧૩૪૭૧૯૨ ફ્રા.; ૪૦૦ ગી. ૧૭ શી. ૬ પે. (૪) ૨૦૮ પા. ૬ શી ૮ પે.; ૩૭૬૮ પા. (૫) ૪૮૭૩ ફ્રા; ૧૨૪ પા. ૧૭ શી. ૯ પે. (૬) ૧૩ ટન ૩ હં. ૩ ક્વા. ૩ પા. ૧૪ ઔં. ૯ ડ્રા.; ૧૬૨ ટન ૧૭ હં. ૩ ક્વા. ૨૫ પા. ૯ ઔંસ. (૭) ૮૮૧૬૬૫ હં. ૩ ક્વા. ૧૬ પા.; ૫૫ હં. ૩ ક્વા. ૬ પા. (૮) ૨૪૩૮ ટ. ૧૪ હં. ૩ ક્વા. ૮ પા.; ૩૮૩૯ ટ. ૧૬ હં. ૩ ક્વા. ૨૪ પા. ૧૨ ઔં. (૯) ૬૫૯૦ ટન ૧૨ હં. ૩ ક્વા. ૨૩ પા.; ૨૧૨૧૪૪ ટન ૭ હં. ૧ ક્વા. ૨૧ પા. ૧૩ ઔં.

(૧૦) ૬૪૯૩ પા ૧૯ પે.૨૧ એ.;૧૯૫૫૯૭પા.૨ ઑ.૧૭પે. ૧૨ એ.
(૧૧) ૨૫૬ પા. ૧ ઑ. ૨ પે. ૧૫ એ; ૨૪ પા. ૩ પે.
(૧૨) ૨૭૧ પા. ૩ ઑ ૩પે. ૧૭એ.; ૧૯૬૩૮પા. ૧૧ ઑ.૧૭પે.૩એ.
(૧૩) ૭૨ ઑંસ ૪ પેની. ૨૨ એ.: ૪૮ ઑંસ ૧૮ પેની. ૪ એ.
(૧૪) ૭ લી. ૪ ફર. ૧૦ પો. ૫ યા ૨ ફુ. ૪ ઇં.; ૨૫૦૦૦ મા.
(૧૫) ૧૬૪૦૦૫ લી. ૦ મા. ૪ ફર. ૧૯ પો. ૧½ યા.; ૬૧૪ મા.
૫ ફ.૨૩પો.૪½યા.;૦½ ઇંચ (૧૬)૩૧૨ ગે.૨ રૂ ;૧૩૬૯૬૧૭૩રૂ.૨ ૩૫ચે.
(૧૭) ૨૭૪૩૪ એ. ૨ રૂ ૨૬૫ચે; ૪૧૭૪૨ રૂ. ૨૧ પો. ૩½ યાર્ડ.
(૧૮) ૩ ધ. યા. ૧૦ ધ. ફુ ૧૦૩૧ધ.ઇં.; ૧૬૮૮૮ ધ.યા. ૨૪૫ ફી.
(૧૯) ૭૧૬ ધ. યા ૨૩ ધ. ફી. ૧૨૬ ધ. ઇં.; ૨૧ ધ.યા.૧૧ધ.ફી.
૯૨૧૬ ધ ઇં. (૨૦) ૪૫૦૪ પીંટ; ૧૧૪૩૨ ગૅલન ૨ ક્વા. ૩ ગીલ.
(૨૧) ૪૫૭૮ હોગ્ઝહેડ ૨૮ગે. ૫ પીંટ; ૧૪૭૯ લો. ૨ ક્વાર્ટર ૭ પુ.
(૨૨) ૯૦૦૦બુશલ; ૧૨૯૧ ચેલ્ડ્રન ૩૪ બુ. ૩ પે. (૨૩) ૮ મણ.
૨૧શે. ૧ તો.; ૧૦ ખાં ૨૧ મ ૧૬ શે. (૨૪) ૩૦ મણ ૩૬ટાં.;
૨૪ મ.૩ શે. ૨૨ તો. ૧ ગ. ૭ વા. ૧ રતી. (૨૫) ૩૧રી. ૫ધા.; ૨૯૧¾શેર
(૨૬) ૪૯૦ મણ; ૧ હં. ૧ક્વા. ૨ પૌં. ૬ એ. (૨૭) ૨૯ દિ. ૧૨
ક. ૪૪ મિ. ૩ સે.; ૨૪ વ. ૪૮ અઠ. ૪ દિ. (૨૮) ૨૪ દિ. ૧૯ ક.
૨૫ મિ; ૧ અઠ. ૩ દિ ૯ ક ૧૬ મિ. ૪૦ સે. (૨૯) ૨૩૪ યા.
૩ ક્વા. ૩ને.; ૯૦૯૮ એલ ૨ ક્વા ૨ નેલ (૩૦) ૨૬૭ ગી.૧૯શી.૮પે.
(૩૧) ૨૧૩૫ પૌંડ ૫ ઑ (૩૨) ૫૬ સોવરીન ૧૧૨ એ.
(૩૩) ૨૫૬ રતી; ૪૩૭½ એ.

Ex. 3. (૧) ૨૯૬૦રૂ. ૧૨આ. ૧પા. (૨) ૪૪૩ રૂ.૧૩આ.૫ પા.
(૩) ૧૩૧૪ રૂ. ૬ આ. ૧૧ પા. (૪) ૪૦૧૬ પૌં. ૧૨ શી.૧૦પે.
(૫) ૯૫ પૌં. ૧૭શી. ૧૦½ પે (૬) ૨૩૪ પૌં. ૯ શી. ૬¾ પે.

(૭) ૨૭૫૭ ખાં. ૧૨ મ. ૩૯ શે. (૮) ૪૯૧ તો. ૧ગ. ૨ વા. ૧ રતી. (૯) ૬કવા ૧૩ પૈં. ૧૩ ઔ. ૧૨ડ્રા. (૧૦) ૨ ટન ૧૫ હં. ૪પા. (૧૧) ૯૭ ટન ૦હં. ૨ કવા. ૧૦પૈં. ૨ઔ. (૧૨) ૧૮પો. ૩યા ૦ફુ. ૮ઈ. (૧૩) ૧૧૦ મા. ૩ ફ. ૨૬ પો. (૧૪) ૧૯ મા. ૩ ફ. ૩ પો. ૨ યા. (૧૫) ૨ ચો.પો. ૨૪ ચો.યા. ૬ ચો ફુ. ૧ ચો.ઇંચ. (૧૬) ૨૯૭ એ. ૧ રૂ. ૬ પો. (૧૭) ૧૮૫ એ. ૨૩ ચો. પો. ૨૫$\frac{1}{2}$ ચો યા. (૧૮) ૧૬૮ ઘ. યા. ૬ ઘ. ફુ. ૭૧૮ ઘ. ઈ. (૧૯) ૮૫ ઘ. યા. ૯ ઘ. ફુ. ૫૦૭૫ ઘ ઈં. (૨૦) ૭૪ ગે. ૨ કવાર્ટ ૦ પીન્ટ. (૨૧) ૧૮૫ કવાર્ટર. ૨ પેક ૧$\frac{1}{2}$ ગેલન. (૨૨) ૯૩ ગે. ૧ કવાર્ટ. ૦પી. ૩ ગી. (૨૩) ૩૨૮ એલ ૩ કવા. ૧ નેલ. (૨૪) ૯૮૪ યા. ૦કવા. ૦નેલ. (૨૫) ૨૫ અ. ૬ દિ. ૧૨ ક. (૨૬) ૩૨ વરસ ૧૧૪ દિ. ૨૧ ક. ૩ મિ. (૨૭) ૯૪ વ. ૪૧ અઠ. ૬ દિ. ૧૧ ક. (૨૮) ૩૬ ઔં. ૪ ડ્રા. ૨ સ્ક્રુ. (૨૯) ૯૮ એ. ૨ રૂ. ૧૮ પો. ૨૩ ચો. યા. (૩૦) ૨૪ વ. ૩ ગ.

Ex. 4. (૧) ૨૦પૈં. ૮શી. ૧૦પે. (૨) ૬૨ પો. ૧૧શી. ૪પે. (૩) ૮૮૮ પૈં. ૦ શી. ૨$\frac{1}{2}$ પે. (૪) ૩૩૧ પૈં ૧૯ શી. ૧૧$\frac{1}{2}$ પે. (૫) ૩૧૩ પૈં. ૬ શી. ૧$\frac{1}{4}$ પે. (૬) ૪ હં. ૩ કવા. ૫ પૈં. ૭ ઔં. (૭) ૧૧૭ ટન ૧૩ હં. ૩ કવા. ૧૯ પૈં. (૮) ૬ ટન ૧૬ હં. ૩ કવા. ૧૫ પૈં. (૯) ૩૮ પૈં. ૪ ઔં. ૯ પે. ૧૦ ગ્રે. (૧૦) ૧૯પૈં. ૪ઔં. ૬પે. ૫ ગ્રે. (૧૧) ૧૫ પૈં. ૮ ઔં. ૪ ડ્રા ૧ સ્ક્રુ. (૧૨) ૧૮ પે. ૨૦ ગ્રે. (૧૩) ૧૨ ફ. ૩૬ પો. ૧ યા. (૧૪) ૧યા. ૦ ફુ. ૧૦ ઇં. (૧૫) ૧૧ યા. ૧ ફુ. ૧ઈં. (૧૬) ૧ મા. ૫ ફ. ૩૬ પો. ૫ યા. (૧૭) ૬ લી. ૨ મા ૬ ફ. ૨૩ પો. ૪ યા. ૨ ફુ. ૬ ઈં. (૧૮) ૫ એ. ૨ રૂ. ૩૧ પો. (૧૯) ૭ એ. ૨ રૂ. ૩૬ પો. (૨૦) ૧ રૂ. ૨૮ પો. ૨૮ ચો. યા. ૮ ચો. ફુ (૨૧) ૧ ઘ. યા. ૨૦ ઘ. ફુ. ૧૩૦૫ ઘ. ઈં.

(૨૨) ૪ ઘ. યા. ૧૬ ઘ. ફુ. ૧૫૮૪ ઘ ઇં. (૨૩) ૩૦ યા. ૧ ક્વાર્ટર ૨ ને. (૨૪) ૪ એ. ૪ ક્વાર્ટર ૨ ને. (૨૫) ૧૮ બુ. ૨ પે. ૧ ગે. (૨૬) ૪ લો. ૪ ક્વાર્ટર ૭ બુ. ૩ પે. (૨૭) ૫૫ ક્વાર્ટર ૫ બુ. ૧ પે. ૧ ગે. (૨૮) ૨ માસ ૧ અઠ. ૩ દિ. (૨૯) ૧૬ દિ. ૧૮ ક. ૨૬ મિ. ૩૭ સે.

Ex. 5. (૧) ૩૯૦૯૮ રૂ. ૭ આ ૬ પા. (૨) ૩૧૩૨૮ રૂ. ૭ આ ૯ પા. (૩) ૪૦૭૩૨૫ પૌં. ૧૯ શી. ૬ પે. (૪) ૩૦૨૭૩૧ પૌં. ૭ શી. ૩$\frac{૩}{૭}$ પે. (૫) ૬૦૧૧૬૫૬ પૌં. ૫ શી. ૮$\frac{૧}{૪}$ પે. (૬) ૧૦૨૩૫૪ પૌં. ૧૪ શી. ૮$\frac{૧}{૪}$ પે. (૭) ૨૨૮ ટન ૧૮ હં. ૩ ક્વા. ૧૩ પૌં. ૧૨ ઔં. (૮) ૧૦૬૯ ટન ૩ હં. ૧ ક્વા. ૧૩ પૌં. ૧૨ ઔં. ૧ ડ્રા. (૯) ૫૯૯ ટન ૩ હં. ૧ ક્વા. ૧ સ્ટો. ૧૨ પૌં. (૧૦) ૨૧૩૪૯ પૌં. ૫ ઔં. ૨ પે. ૧૩ ગ્રે. (૧૧) ૮૧૦ પૌં. ૧૧ ઔં. ૯ પે. ૧૬ ગ્રે. (૧૨) ૯૬૮ પૌં. ૮ ઔં. ૨ પે. ૬ ગ્રેન. (૧૩) ૧૩૮૦ યા. (૧૪) ૨૪૮ મા. ૫ ફ. ૨૮ પો. ૫ યા. (૧૫) ૧૪૪ મા. ૪ ફ ૩ પો. ૩$\frac{૧}{૨}$ યા. (૧૬) ૬૫૦ યા. ૩ ક્વા. (૧૭) ૪૮૯ યા. ૧ ક્વા ૩ ને. ૧$\frac{૧}{૨}$ ઇં. (૧૮) ૧૭ ચો. યા. ૨ ચો. ફુ. ૧૩૭ ચો. ઇં. (૧૯) ૪૨૭૭ એ. ૨ રૂ. ૩૨ પો. (૨૦) ૮૨૯ ચો. યા. ૧૩૩ ચો. ઇં. (૨૧) ૧૮૧૧ એ. ૨ રૂ. ૩૪ પો. ૧$\frac{૧}{૨}$ ચો. યા. (૨૨) ૭૭૫ એ. ૨ રૂ. ૧૭ પો. ૧૪$\frac{૧}{૨}$ ચો. યા. (૨૩) ૫૦ ઘ. યા. ૧૬ ઘ. ફુ. ૬૪૦ ઘ. ઇં. (૨૪) ૨૪૦૩ ઘ. યા. ૧૨ ઘ. ફુ. ૪૧૬ ઘ. ઇં. (૨૫) ૧૪૮૪૧ ગે. ૩ ક્વા. (૨૬) ૩૬૮૧ લોડ. (૨૭) ૩૦૮૨૫ હોગ. ૧૦ ગે. ૨ ક્વા. (૨૮) ૩૩૧૩૫ બેરલ ૩૦ ગે. ૨ ક્વા. (૨૯) ૩૮ વ. ૪૬ અ. ૨ દિ. ૧૩ ક. ૬ મિ.

Ex. 6. (૧) ૩૯૬ રૂ. ૧૪ આ. ૬ પાઇ. (૨) ૮૭૯૩. ૯ આ. ૧૧$\frac{૧}{૨}$ પા. (૩) ૧૦ પૌં. ૧૫ શિ. ૧૦$\frac{૮૩}{૧૪૦}$ પે. (૪) ૫૦૪ પૌં. ૧૮ શિ.

૯$\frac{૬}{૧૪}$ પે. (૫) ૧૧ પૈં. ૯ શિ. ૭$\frac{૩}{૪}$ પે. (૬) ૬ મણ ૯$\frac{૧}{૨}$ શેર. (૭) ૨ ક્વાર્ટર ૧૭ પૌન્ડ ૧૫ આંઉસ ૯ ડ્રા. (૮) ૩ પૌંડ ૮ આંઉસ ૧ ડ્રામ. (૯) ૧૨ પૌંડ ૧૦ આંઉસ ૧૪ ડ્રામ. (૧૦) ૩ ક્વાટર ૨૧ પૌંડ ૬ આંઉસ. (૧૧) ૧૦ હં. ૩ ક્વાર્ટર ૨૧ પૌંડ. (૧૨) ૨ હં. ૩ ક્વાર્ટર૨૭પૌંડ૮આંઉસ. (૧૩) ૧૨પેની.૫ગ્રેન. (૧૪) ૩આંઉસ૪પેની.૮ગ્રેન. (૧૫) ૧૪પૌંડ૯આં ૧૬પેની.૨૧ગ્રેન. (૧૬) ૨૫પૌંડ ૮આં.૧૮પે.૧૬ગ્રેન. (૧૭) ૬ યાર્ડ ૧ ફુટ ૨ ઇંચ. (૧૮) ૫ ફુટ ૬$\frac{૫}{૧૭}$ પોલ. (૧૯) ૨ યાર્ડ ૧ ફુટ ૧૧$\frac{૩}{૪}$ઇંચ. (૨૦) ૧ રૂડ ૧૮પોલ. (૨૧)૧રૂડ૨૭પોલ. (૨૨) ૨ એકર ૩ રૂડ ૨૭ પોલ ૧૯ચો.યાર્ડ ૭ચો.ફીટ ૧$\frac{૫}{૧૬}$ચો.ઇંચ. (૨૩) ૧૪ પોલ ૧૨ ચો. યાર્ડ ૬ ચો. ફીટ ૧૧૯$\frac{૫}{૧૬}$ ચો. ઇંચ. (૨૪) ૬ઘ.યાર્ડ ૧૪ઘ ફીટ ૧૦૨૯ઘ.ઇંચ. (૨૫) ૧૨ગે. ૩ક્વા. $\frac{૧૩}{૧૮}$પીંટ. (૨૬) ૪ ગેલન. ૧$\frac{૯}{૧૮}$ પીંટ. (૨૭) ૧ ગેલન ૧ ક્વા. ૧$\frac{૫}{૧૮}$ પીંટ. (૨૮) ૩બુશલ૨પેક.(૨૯)૨દિ.૬કલાક૧૪મીની.(૩૦)૧૨મીની.૧૭સેકન્ડ.

Ex. 7. (૧)૪૭.(૨)૧૧૧.(૩)૨૯.(૪)૪૨. (૫) ૪૪.(૬)૧૩.(૭)૧૧. (૮) ૪૨. (૯) ૩૨. (૧૦) ૫૬. (૧૧) ૨૮૧. (૧૨) ૧૭. (૧૩)૩૪. (૧૪) ૪. (૧૫) ૩૭. (૧૬)૨૭. (૧૭) ૬૨. (૧૮) ૨૩. (૧૯)૧૨. (૨૦) ૧૪૩. (૨૧) ૭૩૪. (૨૨) ૨૨૩. (૨૩) ૬૭૨. (૨૪) ૧૯૪૩. (૨૫) ૧૭.(૨૬) ૧૬$\frac{૧૨૯૮૬}{૧૫૬૩}$.(૨૭)૭૫.(૨૮)૯૨. (૨૯)૩૬.(૩૦)૪૦.

Ex. 8. (૧) ૧૬૪૭.(૨) ૨૩૫પૌ. ૨ શી.૪પે.૩ફા.(૩)૧૮૦રૂ.૨પા. (૪) ૩૯ રૂ. ૩ આના ૨ પા. (૫) ૬૩ રૂ. ૪ આ. ૨ પાઇ. (૬) ૩૦૬૧ મા. ૪ ફુ. (૭) ૧ રૂ. ૫ આં. (૮). ૫૫૨રૂ. (૯)૯૫. (૧૦) રૂ.૫૧૬૦–૦–૧૦. (૧૧) ૨૦ રૂ. (૧૨) ૩ રૂ. ૪ આ.$\frac{૧૨૬}{૧૭૫}$પા. (૧૩) ૫ તો. ૧૨ વા. ૨$\frac{૧}{૪}$ રતી. (૧૪)૩૯.(૧૫)૪પૌ. ૪શી. ૩$\frac{૩}{૪}$ પે. (૧૬) ૮૬૮૯૯$\frac{૧}{૨}$ ગ્રેન. (૧૭) ૧૯ વરસ ૩ મ. ૨૬ દિ. (૧૮)

૧૬૧૩૬કલાક. (૧૯) ૬૪૮. (૨૦) ૧૩૩૩ રૂ. ૫ આ. ૪ પા. (૨૧) ૧૨૪૬૦૧ રૂ. ૧૪ આ. (૨૨) રૂ. ૧૧૮૧૨–૮–૦ (૨૩) ૭૯૫ રૂ. (૨૪) ૨૫ રૂ. ૮ આ. (૨૫) ૧૯૮૨ રૂ. ૧૩ આ. (૨૬) ૧૭શી.૮પે. (૨૭) ૮૮૭ પૌં. ૪ શીં. (૨૮) ૧૯ ગેલન. (૨૯) ૪ યાર્ડ ૧ ફુટ. (૩૦) ૮ પા. ૪ ઔં. ૪ $\frac{૪}{૫}$ ડ્રામ. (૩૧) ૨૧૧૦૫૦પાઉંડ. (૩૨)૧૬. (૩૩) ૯૪૯૦૨૫૦૦ માઈલ. (૩૪) ૯૩ પા. કીંમત; ૩ પા. ખાદ. (૩૫) ૧૫ આ. (૩૬) ૪ પા. ૦ શી. ૧૧$\frac{૩}{૪}$ પે.(૩૭)૧૭રૂ.૭આ.૯ પા. (૩૮) ૩૭ ઔંસ. (૩૯) ૨૬ યા. ૨ ફુ. (૪૦) ૧૦૨૪૦. (૪૧)૨૦. (૪૨) ૧૪૮ પા. ૧૦ શી.(૪૩)૨૩ શી. ૪$\frac{૧}{૨}$પે.(૪૪)૨૦૮૩૩$\frac{૧}{૩}$ રતલ. (૪૫) ૭૬૭૦ પા.(૪૬)૧૭ શી. ૪પે.(૪૭)મરદને૧૬ પા.૧૦શી. અને સ્ત્રીને ૫ પા. ૧૦ શી. (૪૮)૨૧ શી. (૪૯) ૧ શી. ૧૧$\frac{૩}{૪}$ પે. (૫૦) ૭.

Ex. 9. (૧) ૪. (૨) ૪. (૩)૮. (૪)૬. (૫)૮. (૬) ૩૬.(૭)૨૨. (૮) ૩૦.(૯) ૧૬. (૧૦) ૪૦. (૧૧) ૭. (૧૨) ૧૫. (૧૩) ૨૩. (૧૪) ૨૫. (૧૫) ૧૧. (૧૬) ૧૧૧. (૧૭) ૧૭. (૧૮) ૧૩. (૧૯) ૧૫. (૨૦) ૨. (૨૧) ૯. (૨૨) ૩૯. (૨૩) ૩. (૨૪) ૧. (૨૫) ૩૬. (૨૬) ૪૯૩. (૨૭) ૨. (૨૮) ૧. (૨૯) ૪૯૫. (૩૦) ૮૪. (૩૧) ૧. (૩૨) ૧૧. (૩૩) ૧૩૨૧. (૩૪) ૪. (૩૫) ૬૪. (૩૬) ૫૭. (૩૭) ૧. (૩૮) ૮. (૩૯) ૨. (૪૦) ૧૮.

Ex. 10. (૧) ૧૨૦. (૨)૨૫૨. (૩)૧૨૬૦. (૪)૧૯૫. (૫)૪૨૦૦. (૬) ૧૨૬૦૦. (૭) ૩૮૨૨. (૮) ૨૮૮. (૯) ૧૩૭૨૮.(૧૦)૧૩૨૦. (૧૧) ૨૦૪૭૫. (૧૨) ૫૨૫૦. (૧૩)૨૪૦.(૧૪)૧૦૦૮.(૧૫)૧૨૬૦. (૧૬) ૧૦૮૦ (૧૭)૩૩૬૯૬.(૧૮)૫૭૭૫.(૧૯)૬૫૫૨૦.(૨૦)૨૫૨૦. (૨૧) ૭૯૨૦. (૨૨) ૩૧૯૨૦. (૨૩) ૪૮૦૦. (૨૪) ૩૭૮૦. (૨૫) ૧૨૬૦. (૨૬) ૬૩૦૦. (૨૭) ૮૪૦.(૨૮)૨૫૨૦.(૨૯)૯૦૦૯.

(૩૦) ૫૦૪૦. (૩૧) ૩૫૫૬. (૩૨) ૭૭૮૦૫૦. (૩૩) ૩૯૬૪૮.
(૩૪) ૬૬૧૭૦. (૩૫) ૪૩૨૪૩૨ (૩૬) ૩૦૮૯૮૦૩૩૩૨૦. (૩૭) ૨૫૨૦.
(૩૮) ૧૦૩૯૫. (૩૯) ૨૭૭૨૦. (૪૦) ૬૩૪૦૩૨૦.

Ex. 11. (૧) $\frac{૫૬}{૮}, \frac{૭૦}{૧૦}, \frac{૮૪}{૧૨}, \frac{૧૦૫}{૧૫}$. (૨) $\frac{૬૩}{૭}, \frac{૮૧}{૯}, \frac{૧૧૭}{૧૩}, \frac{૧૩૫}{૧૫}$. (૩) $\frac{૮૧}{૩}, \frac{૧૩૫}{૫}, \frac{૧૮૯}{૭}, \frac{૪૦૫}{૧૫}, \frac{૬૭૫}{૨૫}$. (૪) $\frac{૬૪૦}{૫}; \frac{૮૯૬}{૭}, \frac{૧૯૨૦}{૧૫}, \frac{૩૨૦૦}{૨૫}, \frac{૫૧૨૦}{૪૦}$.

Ex. 12. (૧) $\frac{૧૯}{૩}$. (૨) $\frac{૩૮}{૭}$. (૩) $\frac{૪૧}{૯}$. (૪) $\frac{૩૭}{૫}$. (૫) $\frac{૩૧૧}{૧૨}$. (૬) $\frac{૪૮૦}{૧૧}$.
(૭) $\frac{૩૨૬}{૧૩}$. (૮) $\frac{૨૨૩}{૧૫}$. (૯) $\frac{૨૦૩૨૨}{૩}$. (૧૦) $\frac{૭૫૨}{૧૩}$. (૧૧) $\frac{૨૪૮૨}{૪૩}$.
(૧૨) $\frac{૧૧૭૫}{૮૪}$. (૧૩) $\frac{૭૬૭}{૨૨૪}$. (૧૪) $\frac{૫૪૫૩}{૨૦૨}$ (૧૫) $\frac{૭૨૪૪૨}{૪૪૧}$. (૧૬) $\frac{૯૦૩૨૫}{૮૫૧}$.
(૧૭) $\frac{૨૧૩૫૭}{૧૩૭}$. (૧૮) $\frac{૫૧૨૦૮}{૨૮૫૯}$. (૧૯) $\frac{૪૭૨૬૯૪}{૧૧૦૭}$. (૨૦) $\frac{૧૩૦૦૧૩}{૭૨૦}$.
(૨૧) $\frac{૮૯૪૪૦૭}{૯૯૯}$. (૨૨) $\frac{૫૪૫૧૮}{૩૩૧}$. (૨૩) $\frac{૧૨૪૧૨૪}{૬૦૯}$. (૨૪) $\frac{૩૦૬૦૨૯૮}{૧૦૧૩}$.
(૨૫) $\frac{૩૫૬૭૯૯૯૫}{૯૯૯૯}$. (૨૬) $\frac{૯૦૩૯૯૮૫૦}{૧૦૦૨૧}$. (૨૭) $\frac{૨૭૫૪૫૯૪}{૩૫૦૯}$.
(૨૮) $\frac{૧૫૧૮૫૮૯૭}{૩૪૫૬}$. (૨૯) $\frac{૮૯૯૮૧૦૦૦}{૯૯૯૯}$. (૩૦) $\frac{૭૪૪૮૦૦૩૬}{૧૦૩૦૦૧}$.

Ex. 13. (૧) $૩\frac{૩}{૪}$. (૨) $૧૨\frac{૫}{૬}$. (૩) $૬\frac{૧}{૮}$. (૪) $૧૨\frac{૫}{૯}$. (૫) ૯. (૬) $૩૬\frac{૧૧}{૧૨}$.
(૭) $૪૫\frac{૨}{૧૩}$. (૮) $૩\frac{૧૮}{૫૫}$. (૯) $૩૧\frac{૭}{૬૪}$. (૧૦) $૯૨\frac{૫}{૬૩}$. (૧૧) ૬.
(૧૨) $૩૭\frac{૬૭}{૧૫૯}$. (૧૩) $૯૦\frac{૧૦}{૧૧૧}$. (૧૪) $૧૫૧૪\frac{૧૦૮}{૧૫૩}$. (૧૫) $૫૯\frac{૧૬૩}{૨૩૯}$.
(૧૬) $૯૬\frac{૪૬}{૯૯૯}$. (૧૭) $૨૨\frac{૧૭}{૧૧૬૮}$. (૧૮) $૩૬૩\frac{૬૪૨}{૧૭૮૧}$ (૧૯) $૨૬\frac{૩૧૮૬૧}{૩૬૪૨૫}$.
(૨૦) $૧૨\frac{૧૬૩૭}{૩૭૬૪}$ (૨૧) $૨૩૯\frac{૬૧}{૩૬૧૫}$. (૨૨) $૧૧૯\frac{૩૦૮}{૩૨૭}$. (૨૩) $૧૩૭\frac{૨૯૭}{૫૧૬}$.
(૨૪) $૬૧\frac{૩૩૩}{૯૬૮}$. (૨૫) $૭૫\frac{૪૯૯}{૯૯૯}$ (૨૬) $૩૬\frac{૩૦૧}{૨૦૮૪}$. (૨૭) $૧૬\frac{૪૨૮}{૬૧૨૦}$.
(૨૮) $૬\frac{૨૨૪૩}{૨૩૩૬}$. (૨૯) $૯\frac{૪૦૫૧}{૬૧૪૪}$. (૩૦) $૧૪૯\frac{૩૦૪૦૯}{૪૯૧૫૨}$.

Ex. 14. (૧) $\frac{૧}{૨}$. (૨) $\frac{૨}{૩}$. (૩) $\frac{૨}{૩}$. (૪) $\frac{૨}{૫}$. (૫) $\frac{૮}{૯}$. (૬) $\frac{૨}{૩}$. (૭) $\frac{૯}{૬૫}$. (૮) $\frac{૬}{૧૧}$.
(૯) $\frac{૪૧}{૫૭}$. (૧૦) $\frac{૧૩}{૧૭}$. (૧૧) $\frac{૧૬}{૨૫}$. (૧૨) $\frac{૫}{૧૬}$. (૧૩) $\frac{૨૬૫}{૯૦૩}$ (૧૪) $\frac{૩૫}{૫૨}$.
(૧૫) $\frac{૯}{૧૭}$. (૧૬) $\frac{૧૧૭}{૨૯૬}$. (૧૭) $\frac{૩}{૪}$. (૧૮) $\frac{૧૨૩}{૧૨૭}$. (૧૯) $\frac{૫૨૩}{૬૪૫૨}$.
(૨૦) $\frac{૧૦૩}{૧૩૬}$. (૨૧) $\frac{૫}{૭૨}$. (૨૨) $\frac{૨૭}{૧૬૨૪}$. (૨૩) $\frac{૧૭}{૩૧}$. (૨૪) $\frac{૨૦૩૧}{૩૦૫૮}$.

Ex. 15, 16 અને 17 ના જવાબ.

(૨૫) $\frac{૫૫}{૧૨૮}$. (૨૬) $\frac{૨૮૩}{૩૪૩}$. (૨૭) $\frac{૮૩૧૯}{૯૫૦૮}$ (૨૮) $\frac{૧૦૩}{૧૩૬}$. (૨૯) $\frac{૧૮૭}{૨૨૭}$. (૩૦) $\frac{૧૫૩}{૫૯૬}$.
(૩૧) $\frac{૫૯}{૬૫}$. (૩૨) $\frac{૫૧૮}{૭૯૩}$. (૩૩) $\frac{૫}{૭}$. (૩૪) $\frac{૨૫૩}{૫૬૪૬}$. (૩૫) $\frac{૫૪૭}{૭૪૬}$.
(૩૬) $\frac{૯૦૧}{૬૨૦૦૦}$. (૩૭) $\frac{૨}{૭}$. (૩૮) $\frac{૧૩}{૬૦}$. (૩૯) $\frac{૧૫}{૨૯}$. (૪૦) $\frac{૭}{૬૩}$.

Ex. 15. (૧) $\frac{૯}{૨૦}$. (૨) $\frac{૧૫}{૨૮}$. (૩) $\frac{૩}{૬૦}$. (૪) ૩. (૫) $\frac{૪}{૯}$. (૬) ૨$\frac{૨}{૫}$. (૭) ૨$\frac{૧}{૨}$.
(૧૩) ૨.
(૮) ૧$\frac{૧}{૨}$. (૯) $\frac{૧૨}{૨૫}$. (૧૦) $\frac{૨}{૫}$. (૧૧) ૨$\frac{૨}{૩}$. (૧૨) $\frac{૩}{૪}$.
(૧૮) ૧. (૧૯) $\frac{૧}{૪}$.
(૧૪) $\frac{૧}{૨૪}$. (૧૫) $\frac{૫}{૧૨}$. (૧૬) ૩. (૧૭) $\frac{૩૨}{૩૫}$. (૨૩) ૧. (૨૪) ૧$\frac{૧}{૫}$. (૨૫) $\frac{૧}{૪}$.
(૨૦) $\frac{૨}{૫}$. (૨૧) $\frac{૨}{૭}$. (૨૨) $\frac{૧}{૨}$.

Ex. 16. (૧) $\frac{૨૮}{૩૯}$. (૨) $\frac{૧૦}{૨૯}$. (૩) ૧૪. (૪) $\frac{૧}{૨}$. (૫) $\frac{૨}{૫}$. (૬) $\frac{૮}{૯}$.
(૭) ૨. (૮) ૭. (૯) ૧૦$\frac{૧૫}{૫૬}$. (૧૦) ૨$\frac{૧૨}{૨૫}$.

Ex. 17. (૧) $\frac{૧૫,૨૦,૧૮}{૩૦}$. (૨) $\frac{૨૭,૧૬}{૩૬}$. (૩) $\frac{૫૪,૨૮,૬૩}{૧૨૬}$.

(૪) $\frac{૮૦,૬૩}{૧૧૨}$. (૫) $\frac{૧૭૫,૬૩,૯૦}{૨૧૦}$. (૬) $\frac{૧૨,૧૦,૨૧}{૨૮}$.

(૭) $\frac{૧૫,૨૪,૬૦,૨૦}{૩૦}$. (૮) $\frac{૧૬૦,૧૫૦,૧૦૮,૧૦૫}{૧૮૦}$.

(૯) $\frac{૩૩૬૦,૮૪૦,૮૩૧૬,૬૨૩૭}{૯૨૪૦}$. (૧૦) $\frac{૧૧૫૫,૩૯૨,૧૮૦,૩૩૬}{૪૨૦}$.

(૧૧) $\frac{૫૩૫૫,૧૦૨૮૫,૮૪૧૫,૭૨૯૩}{૮૪૧૫}$. (૧૨) $\frac{૩૯૬,૬૦૫,૧૨૧૫,૧૯૬૫}{૧૪૮૫}$.

(૧૩) $\frac{૬૫૧,૪૪૮,૩૨૦}{૨૫૨}$. (૧૪) $\frac{૬૧૬૦,૨૩૭૬૦,૨૦૧૬૦,૨૨૮૬૯}{૫૫૪૪}$.

(૧૫) $\frac{૬૫૦,૧૯૫,૩૬૦૦,૨૪૫૭}{૫૮૫}$. (૧૬) $\frac{૨૧૦,૧૪૦,૧૪૭,૬૦}{૫૨૫}$.

(૧૭) $\frac{૨૨૮૦,૮૩૬,૩૯૬૦,૧૧૭૦૪}{૨૫૦૮૦}$. (૧૮) $\frac{૩૬૦,૨૮૦,૭૨૮,૯૬}{૮૪૦}$

(૧૯) $\frac{૭૮૪,૩૩૬,૩૧૫,૬૦૯}{૧૬૮૦}$.

(૨૦) $\frac{૧૭૨૯૦૦,૧૨૯૨૦૦,૬૭૮૩,૭૧૪૦૦}{૨૨૬૧૦૦}$.

(૨૧) $\frac{૧૪૦,૨૧૬,૨૭,૫૪૦}{૨૫૨}$. (૨૨) $\frac{૨૦,૨૫,૧૬,૨૨}{૩૦}$.

(૨૩) $\frac{૨૫૨,૪૫૦,૫૬૦,૩૭૮,૧૭૫}{૨૫૨}$.

(૨૪) $\frac{૫૭૬,૧૭૯૨,૩૩૬૦,૩૭૮,૬૯૩}{૪૦૩૨}$.

(૨૫) $\frac{૩૧૪૧૬,૨૦૯૪૪,૩૪૨૭૨,૩૦૪૯૨,૩૪૦૩૪,૫૨૩૬,૩૫૩૪૩,}{૪૭૧૨૪}$ |૩૩૬૬૦.

(૨૬) $\frac{૪૫૦,૫૪૦,૪૮૦,૮૦,૫૦૪,૧૩૫,૪૦૦,૬૨૪,૨૦૮}{૭૨૦}$.

(૨૭) $\frac{૧૧૨૦,૨૧૬૦,૩૧૫૦,૩૫૨૮,૨૨૬૮,૧૦૮૦,૩૬૦૦,૧૯૮૦,}{૫૦૪૦}$ |૧૬૦૬૫.

(૨૮) $\frac{૩૬૦,૫૬૭,૪૨૦,૧૬૮,૧૩૫,૨૫૨,૩૫,૧૪૭,૧૬૫.}{૬૩૦}$

(૨૯) $\frac{૨૧૬૦,૫૬૦,૩૫૨૮,૬૭૨,૪૪૧,૨૮૩૫,૧૨૦૦,૮૮૨.}{૫૦૪૦}$

(૩૦) $\frac{૬૪૦,૪૦૦,૩૩૬,૨૮૦,૫૬૦,૧૭૫,૧૨૦,૧૪૦,૭૦.}{૫૬૦}$

Ex. 18. (૧) $\frac{૩}{૪}, \frac{૨}{૩}, \frac{૩}{૭}$. (૨) $\frac{૭}{૧૨}, \frac{૫}{૯}, \frac{૧}{૨}$. (૩) $\frac{૯}{૧૦}, \frac{૩}{૪}, \frac{૧}{૨}, \frac{૭}{૧૪}$. (૪) $\frac{૫}{૮}, \frac{૧૧}{૧૮}, \frac{૯}{૧૬}$. (૫) અનુક્રમે છે. (૬) $\frac{૭}{૧૨}, \frac{૪}{૯}, \frac{૩}{૪}$ના $\frac{૮}{૨૭}$. (૭) $\frac{૭}{૧૦}$ના $૩\frac{૩}{૬}$, $\frac{૬}{૭}$ના $૫\frac{૧}{૪}$ ના $\frac{૧}{૨}$ ના $\frac{૪}{૯}$, $\frac{૮}{૨૭}$ના $૨\frac{૩}{૪}$. (૮) $\frac{૭}{૯}, \frac{૫}{૧૨}, \frac{૧૪}{૪૯}, \frac{૩}{૧૬}, \frac{૩}{૧૪}$ ના $\frac{૨}{૧૫}$

ના ૩$\frac{૧}{૧૩}$, $\frac{૫}{૧૪}$ ના $\frac{૪}{૧૫}$ ના $\frac{૪}{૭}$. (૯) $\frac{૨}{૭}$ ના $\frac{૧૫}{૧૬}$ ના ૮$\frac{૨}{૫}$, $\frac{૭}{૯}$, $\frac{૧૮}{૩૫}$, $\frac{૩}{૪}$ નાં $\frac{૫}{૯}$ ના $\frac{૮}{૭}$, $\frac{૪૩}{૧૨૬}$. (૧૦) $\frac{૪}{૫}$ ના $\frac{૩}{૧૪}$ ના ૪$\frac{૨}{૭}$, $\frac{૧૧}{૧૪}$, $\frac{૨૩}{૫૬}$, ૨$\frac{૭૯}{૪૦}$, $\frac{૩}{૧૬}$ ના $\frac{૮}{૨૧}$ ના ૨$\frac{૭}{૯}$ ના $\frac{૪}{૫}$. (૧૧) અનુક્રમે છે. (૧૨) અનુક્રમે છે.

Ex. 19. (૧) $\frac{૩૧}{૨૪}$ અને $\frac{૩}{૧૩}$. (૨) $\frac{૭}{૧૦}$ અને $\frac{૫}{૧૬}$. (૩) $\frac{૩૫}{૪૮}$ અને $\frac{૪}{૧૫}$. (૪) $\frac{૧૧}{૩૦}$ અને $\frac{૧૨}{૩૬}$. (૫) $\frac{૧૬}{૨૦}$ અને $\frac{૧૧}{૧૫}$. (૬) $\frac{૩}{૯}$ અને $\frac{૧}{૩}$. (૭) $\frac{૪}{૭}$ અને $\frac{૪}{૯}$. (૮) $\frac{૯}{૨૮}$ અને $\frac{૭}{૨૪}$. (૯) $\frac{૨૬}{૩૦}$ અને $\frac{૨૧}{૨૫}$. (૧૦) $\frac{૧૨}{૨૧}$ અને $\frac{૮}{૧૫}$.

Ex. 20. (૧) ૧. (૨) $\frac{૩}{૪}$. (૩) ૬$\frac{૭૪}{૧૦૫}$. (૪) ૧૧$\frac{૫૩}{૫૪}$. (૫) ૭$\frac{૪૯}{૬૦}$. (૬) ૧$\frac{૩૭}{૧૦૦૦}$. (૭) $\frac{૫૨૭}{૭૨૦}$. (૮) ૧૦. (૯) ૧$\frac{૨૦૧}{૪૦૦}$. (૧૦) ૧$\frac{૪૯}{૯૦૧}$. (૧૧) $\frac{૧૬૬૯}{૩૬૦૦}$. (૧૨) ૧. (૧૩) ૨$\frac{૩૮}{૪૯૫}$. (૧૪) ૧$\frac{૧૮૧}{૨૮૦}$. (૧૫) ૧. (૧૬) $\frac{૭૩}{૮૪}$. (૧૭) ૪$\frac{૫૬૯}{૭૨૦}$. ૧૮) ૨$\frac{૩૦૩૧}{૫૮૧૪}$. (૧૯) ૧૧$\frac{૪}{૧૭}$ (+ના ૨$\frac{૩}{૪}$ને બદલે ના ૨$\frac{૩}{૮}$ જોઇએ.) (૨૦) ૧૩$\frac{૧૧}{૪૮}$. (૨૧) ૧$\frac{૪૯}{૯૦૦}$. (૨૨) ૧૮$\frac{૪૩}{૨૧૦}$. (૨૩) ૮$\frac{૬૯}{૧૬૦}$. (૨૪) ૫૯૭૬. (૨૫) ૬$\frac{૪૩}{૯૪}$. (૨૬) ૯$\frac{૨૫}{૬૭}$. (૨૭) ૧૪૩$\frac{૭}{૧૦}$. (૨૮) ૧૨$\frac{૨૭}{૨૮}$. (૨૯) ૬. (૩૦) ૧૨$\frac{૨૭}{૨૮}$. (૩૧) ૬. (૩૨) ૩$\frac{૩૩}{૧૨૮}$. (૩૩) ૧$\frac{૧૦}{૨૭}$. (૩૪) ૨$\frac{૧}{૧૫૦}$. (૩૫) ૩$\frac{૧}{૩૬}$.

Ex. 21. (૧) $\frac{૪૧}{૧૦૦}$. (૨) $\frac{૭}{૫૪}$. (૩) $\frac{૧૧}{૧૦૫}$. (૪) $\frac{૧૭}{૨૧}$. (૫) $\frac{૮૫}{૧૦૮}$. (૬) $\frac{૧૩}{૩૦}$. (૭) $\frac{૩૨}{૧૧૭}$. (૮) $\frac{૭૩}{૧૧૨}$. (૯) $\frac{૨૪૧}{૪૫૦}$. (૧૦) $\frac{૧}{૬૦}$. (૧૧) $\frac{૮}{૩૫}$. (૧૨) ૧૨$\frac{૧૧}{૧૬૦}$. (૧૩) ૩૩$\frac{૪૧}{૭૨}$. (૧૪) ૫$\frac{૫}{૭}$. (૧૫) ૧૭$\frac{૭}{૯}$. (૧૬) $\frac{૭}{૯}$. (૧૭) ૪$\frac{૧૫}{૧૬}$. (૧૮) ૩$\frac{૫}{૮}$. (૧૯) ૬$\frac{૧૭}{૧૮}$. (૨૦) ૫$\frac{૨}{૩}$. (૨૧) ૪$\frac{૨}{૫}$. (૨૨) ૪$\frac{૪૩}{૭૨}$. (૨૩) ૩૩૦$\frac{૧૧}{૨૦}$. (૨૪) ૪૩$\frac{૨૨}{૨૪}$. (૨૫) ૧$\frac{૨૨}{૩૫}$. (૨૬) ૨$\frac{૪૧}{૬૦}$. (૨૭) ૬$\frac{૪૭}{૬૦}$. (૨૮) $\frac{૧૭}{૪૨}$. (૨૯) ૨$\frac{૨૯}{૪૮}$. (૩૦) ૨$\frac{૫૫}{૫૬}$. (૩૧) ૩$\frac{૧}{૧૫}$. (૩૨) ૪૮$\frac{૧}{૧૮}$. (૩૩) $\frac{૭}{૧૨}$. (૩૪) ૩$\frac{૭}{૨૪}$. (૩૫) ૧૬$\frac{૧૩}{૨૪}$. (૩૬) ૯૮$\frac{૮૯૦}{૮૯૧}$. (૩૭) ૪$\frac{૧૯}{૫૪}$. (૩૮) $\frac{૧}{૬}$ (૩૯) ૧$\frac{૩૧}{૬૦}$. (૪૦) ૭$\frac{૩૭}{૫૦}$.

Ex. 22. (૧) $\frac{૧૧}{૧૮}$. (૨) ૧$\frac{૫}{૧૬}$. (૩) ૩$\frac{૧}{૮}$. (૪) ૧. (૫) ૩$\frac{૧૩}{૩૦}$. (૬) ૬$\frac{૬}{૭}$. (૭) $\frac{૭}{૨૪}$. (૮) ૨$\frac{૨૯}{૩૬}$. (૯) ૧$\frac{૭}{૧૬}$. (૧૦) ૮$\frac{૨૩}{૩૬}$. (૧૧) ૬$\frac{૨૭}{૩૦}$. (૧૨) $\frac{૧૦૧}{૧૧૦}$. (૧૩) $\frac{૭}{૧૨૦}$. (૧૪) ૫$\frac{૧૩}{૧૪}$. (૧૫) ૩$\frac{૭૩}{૯૦}$. (૧૬) ૨$\frac{૧૧}{૧૨}$.

(૧૭) $૪\frac{૨}{૫}$. (૧૮) $૩\frac{૧૩}{૪૫}$. (૧$\frac{૮}{૪૫}$ની પહેલાં ઓછા જોઇએ.) (૧૯) $૭\frac{૫}{૧૬}$.
(૨૦) $૨\frac{૭}{૩૦}$. (૨૧) $૧૩\frac{૩૫}{૩૬}$ (૨૨) $૬\frac{૪૯}{૬૦}$. (૨૩) $૧૧\frac{૪૭}{૭૨}$ (૨૪) $૩૯\frac{૨૧}{૪૦}$.
(૨૫) $૨\frac{૮}{૬૩}$ (૨૬) $૯\frac{૫૨૯}{૬૬૪}$. (૨૭) $૩\frac{૧}{૫૦૪}$. (૨૮) $૫\frac{૫૦૯}{૬૩૦૦}$. (૨૯) $૧૩\frac{૯૧૩}{૧૧૬૦}$.
(૩૦) $૯\frac{૧૭૩}{૨૧૬}$. (૩૧) $૯\frac{૧}{૫૦}$. (૩૨) $૪\frac{૮૪૮}{૧૩૦૫}$. (૩૩) $૯\frac{૧૩૬૩}{૨૨૪૦}$.
(૩૪) $૧૬\frac{૧૦૯}{૧૦૦૮}$. (૩૫) $૧૮\frac{૧૫૭}{૪૩૨}$.

Ex. 23. (૧) $\frac{૧૦}{૬૧}$. (૨) $\frac{૧૦૪}{૧૩૫}$. (૩) $\frac{૨}{૩}$. (૪) $\frac{૨}{૯}$. (૫) $\frac{૪}{૫}$ (૬) $૨\frac{૧}{૬}$. (૭) $૧૦\frac{૨}{૩૭}$.
(૮) $\frac{૨}{૩}$. (૯) ૪૦. (૧૦) $૫\frac{૩}{૮}$. (૧૧) ૧. (૧૨) $\frac{૮૫}{૧૧૫૬}$ (૧૩) $\frac{૧૦}{૬૯}$. (૧૪) ૨.
(૧૫) $\frac{૬}{૭}$. (૧૬) $\frac{૨}{૭}$. (૧૭) ૨. (૧૮) ૩. (૧૯) $૪\frac{૨}{૭}$. (૨૦) $\frac{૬૦}{૬૧}$.
(૨૧) $૩૨\frac{૫}{૮}$. (૨૨) $૩\frac{૧}{૫}$. (૨૩) $૮૨\frac{૨}{૧૫}$. (૨૪) $૧\frac{૬૭}{૭૭}$. (૨૫) $૩૩\frac{૧}{૫}$.
(૨૬) ૧. (૨૭) $\frac{૨૨૩૬૩૬}{૧૮૭૨૪૭૫}$. (૨૮) ૧. (૨૯) $\frac{૧૬૧}{૨૮૬}$. (૩૦) ૧.

Ex. 24. (૧) $\frac{૫}{૧૧}$. (૨) $\frac{૭૦}{૮૯}$. (૩) $\frac{૫}{૬૮}$. (૪) $૩\frac{૧}{૫}$. (૫) $૩\frac{૩}{૭}$. (૬) $૩\frac{૧૭}{૨૩}$.
(૭) $૩\frac{૧}{૪}$. (૮) $૩\frac{૧૩}{૧૬}$. (૯) $૧૧\frac{૪૩}{૬૦}$. (૧૦) $૫\frac{૩}{૪}$. (૧૧) ૨. (૧૨) ૨. (૧૩) $\frac{૧૩}{૬૭૨૦}$.
(૧૪) $\frac{૧}{૨}$. (૧૫) $\frac{૫}{૭૨}$. (૧૬) ૧. (૧૭) $\frac{૧}{૧૬}$. (૧૮) ૨. (૧૯) $\frac{૨૫}{૬૪}$ (૨૦) ૧.

Ex. 25. (૧) $\frac{૯}{૧૦}$. (૨) $૨\frac{૮}{૨૧}$. (૩) $\frac{૨}{૩}$. (૪) $\frac{૧૦}{૧૩}$. (૫) $૧\frac{૧}{૨}$. (૬) $૧\frac{૫}{૧૬}$.
(૭) $\frac{૨૭૫}{૩૬૧}$. (૮) ૧. (૯) $૧\frac{૧૯}{૨૩}$. (૧૦) $\frac{૧}{૫૬}$. (૧૧) $૮\frac{૨૩}{૪૦}$. (૧૨) $૨\frac{૭}{૨૪}$.
(૧૩) ૩૬૦. (૧૪) ૨૧૦. (૧૫) $\frac{૭}{૩૬}$. (૧૬) ૨૪. (૧૭) ૪.
(૧૮) $\frac{૧૦૫}{૧૩૬}$. (૧૯) $૧\frac{૧}{૪}$. (૨૦) $\frac{૧૦૫}{૧૦૨૪}$. (૨૧) $૭\frac{૧}{૫}$. (૨૨) $\frac{૧૮૯}{૩૨૦}$.
(૨૩) $૧\frac{૧}{૨}$. (૨૪) $\frac{૧૦૫}{૧૦૨૪}$. (૨૫) $૧\frac{૭}{૧૦}$. (૨૬) ૧૪૪. (૨૭) $૩\frac{૨}{૫}$. (૨૮) $૬૭\frac{૧}{૨}$. (૨૯) $\frac{૫૦}{૪૮૧}$. (૩૦) $૨૮\frac{૪૫}{૭૭}$. (૩૧) $૫\frac{૩૦૪}{૮૩૩}$.
(૩૨) $૪\frac{૧૩}{૨૯}$. (૩૩) $૫\frac{૧૬}{૭૧}$. (૩૪) ૧. (૩૫) $\frac{૨૫૧૧}{૪૧૦૦}$.

Ex. 26, (૧) $\frac{૫}{૬}$. (૨) $૧૪\frac{૧}{૬}$. (૩) $૧૨૩\frac{૧૭}{૪૮}$. (૪) $૧૫\frac{૧૫}{૩૬}$. (૫) $૧૭\frac{૩૫}{૬૪}$.
(૬) $૧૪\frac{૧૯}{૩૬}$. (૭) $૧૫\frac{૧૧૫}{૧૪૪}$. (૮) $૧૫\frac{૪૫}{૫૨}$ (૯) $૧૪\frac{૯}{૧૩}$. (૧૦) $૧૪\frac{૩૩}{૫૬}$.
(૧૧) $૧૩\frac{૬}{૧૩}$. (૧૨) $૧૮\frac{૧}{૪}$. (૧૩) $૧૫\frac{૩}{૪}$. (૧૪) $૬\frac{૩}{૪}$. (૧૫) $૯\frac{૧}{૪}$.
(૧૬) $૧\frac{૩}{૪}$. (૧૭) $૪\frac{૧}{૪}$. (૧૮) $૧૩\frac{૧}{૪}$. (૧૯) $૧૦\frac{૩}{૪}$. (૨૦) $૭\frac{૧૯}{૩૬}$.

 Ex. 27, 28 અને 29 ના જવાબ.

(૨૧) ૧$\frac{૧૧૯}{૧૨૮૦}$. (૨૨) ૫$\frac{૪}{૧૫}$. (૨૩) ૪$\frac{૨૨૧}{૩૩૬}$. (૨૪) ૨૫$\frac{૧૭}{૭૨}$. (૨૫) ૪$\frac{૨૨૧}{૩૩૬}$. (૨૬) $\frac{૩}{૪}$. (૨૭) $\frac{૧}{૧૫}$. (૨૮) ૧$\frac{૨૧}{૧૦૩}$. (૨૯) ૧૦. (૩૦) ૧૨.

Ex. 27. (૧) $\frac{૬}{૭}$. (૨) $\frac{૧૪૩}{૧૯૨}$. (૩) $\frac{૧}{૬}$. (૪) $\frac{૩}{૪}$. (૫) ૧$\frac{૩}{૭}$. (૬) ૩$\frac{૩}{૧૦}$. (૭) ૪$\frac{૬૧}{૨૭૧૦}$. (૮) ૩$\frac{૧}{૧૮}$. (૯) ૧. (૧૦) ૩$\frac{૪}{૫૭}$. (૧૧) ૧$\frac{૨}{૩}$. (૧૨) ૨. (૧૩) ૧$\frac{૨}{૨૩}$. (૧૪) $\frac{૧}{૭}$. (૧૫) ૧$\frac{૫૯}{૧૧૧૧}$. (૧૬) $\frac{૧૨૭}{૮૩૨૮}$. (૧૭) ૧૦. (૧૮) $\frac{૨}{૩}$. (૧૯) ૧$\frac{૨૧}{૨૨૯}$. (૨૦) $\frac{૮૧}{૨૫૦}$. (૨૧) ૨$\frac{૩}{૩૭}$. (૨૨) $\frac{૧}{૫}$. (૨૩) $\frac{૯}{૨૧૫}$. (૨૪) $\frac{૫૬}{૨૨૫}$. (૨૫) $\frac{૧૨૮}{૧૭૫}$. (૨૬) $\frac{૩}{૭}$. (૨૭) $\frac{૧૧}{૩૨}$. (૨૮) $\frac{૪}{૭}$. (૨૯) ૩$\frac{૨}{૭}$. (૩૦) ૩$\frac{૨૧}{૬૮}$. (૩૧) $\frac{૯૨}{૪૭૫}$. (૩૨) ૩$\frac{૧૩૬}{૪૨૧}$. (૩૩) ૪$\frac{૨૬૭}{૩૨૦}$. (૩૪) ૯$\frac{૨૧}{૨૧૪}$. (૩૫) $\frac{૮૧૮}{૧૫૧૧}$. (૩૬) ૧$\frac{૪}{૧૦૦}$. (૩૭) $\frac{૨૨૫}{૧૭૪}$. (૩૮) $\frac{૧૧૮}{૨૫૭}$. (૩૯) $\frac{૭૧}{૧૧૫}$. (૪૦) $\frac{૩૨૯૪૭}{૩૨૭૮૫}$.

Ex. 28. (૧) $\frac{૮૩}{૮૪}$. (૨) $\frac{૧૧}{૧૫૪}$. (૩) ૧$\frac{૧}{૯૨૪}$. (૪) $\frac{૧૬૩}{૩૦૮}$ (૫) $\frac{૧૯૦૭}{૨૭૭૨}$. (૬) $\frac{૬૫૯}{૬૯૩}$. (૭) ૪$\frac{૨૪}{૧૩૯}$ (૮) ૧$\frac{૮૨૯}{૧૫૪૭}$. (૯) $\frac{૬૯૨}{૨૯૩}$. (૧૦) ૧$\frac{૨૬૫}{૩૬૯}$. (૧૧) ૧$\frac{૧}{૮૯}$. (૧૨) ૧$\frac{૭૧}{૭૨૧}$. (૧૩) ૧$\frac{૨૩}{૪૭૫}$. (૧૪) $\frac{૬૧૧}{૭૭૦}$. (૧૫) $\frac{૯૩}{૫૧૦}$. (૧૬) ૩$\frac{૯૧}{૨૬૬}$ (૧૭) ૧$\frac{૪૦૧}{૭૭૦}$. (૧૮) $\frac{૨૮૮}{૩૮૫}$. (૧૯) $\frac{૬૧૧}{૭૭૦}$ (૨૦) −૨$\frac{૪૭૯}{૫૬૦}$. (૨૧) ૩$\frac{૫૧}{૨૮૦}$.

Ex. 29. (૧) $\frac{૨}{૩}$. (૨) ૧. (૩) ૬$\frac{૬}{૩૭}$. (૪) $\frac{૭}{૮}$. (૫) ૩$\frac{૧૭}{૧૦૪}$. (૬) ૧$\frac{૩}{૧૪}$. (૭) $\frac{૯}{૧૬}$. (૮) ૬. (૯) $\frac{૫}{૧૮}$. (૧૦) $\frac{૨૫૫}{૩૬૪}$. (૧૧) $\frac{૧૧૩}{૩૫૫}$. (૧૨) $\frac{૨૮૭}{૨૯૧}$. (૧૩) −૭$\frac{૨૫૨૩}{૯૫૮૦}$. (૧૪) −$\frac{૧૩૧}{૮૩૨}$. (૧૫) $\frac{૫}{૮}$. (૧૬) ૧૩$\frac{૫૯}{૬૦}$. (૧૭) ૧$\frac{૩}{૬}$. (૧૮) $\frac{૬૧}{૩૩૦}$. (૧૯) ૩૬$\frac{૩૧}{૩૯}$. (૨૦) ૧૮$\frac{૪૨}{૮૧}$. (૨૧) ૧$\frac{૨૦૦૧}{૨૦૨૧}$. (૨૨) $\frac{૨}{૩}$. (૨૩) $\frac{૧૩}{૩૭}$. (૨૪) ૧$\frac{૧}{૨}$. (૨૫) $\frac{૧}{૨૩૯}$. (૨૬) ૮$\frac{૧}{૩૮}$. (૨૭) −$\frac{૨૦૯}{૫૫૮}$. (૨૮) ૧$\frac{૧}{૪}$. (૨૯) ૧$\frac{૩}{૧૨૭}$. (૩૦) ૬$\frac{૮૨૩}{૧૭૬૪}$. (૩૧) $\frac{૩૦}{૩૭}$. (૩૨) ૨.૪$\frac{૧}{૬૫}$. (૩૩) $\frac{૮૭૫}{૯૩૨}$. (૩૪) ૧૩૪$\frac{૫}{૩૬}$. (૩૫) ૧. (૩૬) $\frac{૩}{૨૩૫}$. (૩૭) ૧૪$\frac{૪૨}{૧૯૩}$. ($\frac{૨૩}{૧૯}$ અને $\frac{૧૦}{૧૯}$ ને બદલે $\frac{૨૩}{૪૯}$ અને $\frac{૧૦}{૪૯}$ જોઇએ.) (૩૮) ૧$\frac{૧}{૪૦}$ (૩૯) $\frac{૧૮૭}{૨૩૪}$. (૪૦) ૧૮. (૪૧) $\frac{૩}{૪}$. (૪૨) ૫$\frac{૨૭}{૧૭૬}$. (૪૩) $\frac{૧૮૨}{૨૩૩}$. (૪૪) ૨$\frac{૧}{૨}$. (૪૫) ૧$\frac{૫૯૪૭}{૮૪૨૮}$. (૪૬) ૬૬. (૪૭) ૩$\frac{૩}{૭૭}$. (૪૮) ૭$\frac{૯૧}{૧૯૨}$. (૪૯) $\frac{૮૬૯૨૫}{૧૬૬૫૬૬૪}$. (૫૦) ૪$\frac{૮૩}{૨૩૩}$. (૫૧) ૫. (૫૨) $\frac{૩}{૭}$. (૫૩) $\frac{૨૧}{૨૪}$. (૫૪) ૫$\frac{૭૩}{૮૪}$. (૫૫) $\frac{૧}{૩}$.

(૫૬) ૯$\frac{૧૭}{૪૦}$. (૫૭) ૧૩$\frac{૧૪૮}{૧૮૭૩}$. (૫૮) ૨$\frac{૧૭}{૬૪૮}$. (૫૯) ૫. (૬૦) ૧૪.
(૬૧) ૬$\frac{૭૮૧}{૮૬૪}$. (૬૨) $\frac{૨}{૩૩}$. (૬૩) ૫૭૩$\frac{૩}{૧૬}$. (૬૪) $\frac{૮}{૯}$. (૬૫) $\frac{૧}{૯}$. (૬૬) ૩$\frac{૭}{૮૦}$.
(૬૭) ૧. (૬૮) $\frac{૮૩}{૯૦}$ (૬૯) ૧. (૭૦) −૪$\frac{૧૩}{૭૬}$. (૭૧) $\frac{૨૩૩૮}{૮૧૫૯}$. (૭૨) ૨$\frac{૭૭૬૬૭૮}{૮૮૮૫૧૫૧}$.
(૭૩) $\frac{૧}{૧૫}$. (૭૪) ૧$\frac{૧૩૮૯૮}{૧૧૧૬૪૩}$. (૭૫) ૫$\frac{૧૦૪૩}{૧૪૫૦}$. (૭૬) ૪$\frac{૩}{૪}$.
(૭૭) ૨$\frac{૧}{૬૫}$. (૭૮) $\frac{૫}{૭}$. (૭૯) ૧. (૮૦) ૧$\frac{૧૬૯}{૭૦૫૬}$ (૮૧) ૧. (૮૨) −૨$\frac{૪}{૫}$.
(૮૩) ૧$\frac{૪}{૫}$. (૮૪) −$\frac{૨૦૧}{૨૪૨}$. (૮૫) ૨$\frac{૨}{૫}$. (૮૬) $\frac{૮}{૯}$. (૮૭) ૧$\frac{૨૯૦૩}{૩૯૦૭}$.
(૮૮) ૩. (૮૯) $\frac{૩૨૯૯}{૭૩૭૮}$. (૯૦) $\frac{૧}{૪}$. (૯૧) $\frac{૪૧}{૬૬}$. (૯૨) $\frac{૨}{૨૩}$. (૯૩) $\frac{૧}{૯}$.
(૯૪) ૪$\frac{૧}{૬૧}$. (૯૫) $\frac{૧૪૮૯}{૫૩૧૧}$. (૯૬) ૨. (૯૭) $\frac{૨}{૩}$. (૯૮) ૭.
(૯૯) ૨$\frac{૭૩}{૪૫૬}$. (૧૦૦) ૩૬$\frac{૨૪૯૩૬}{૯૦૫૪૫}$.

Ex. 30. (૧) ૧૫શી. (૨) ૧૩શી. ૪પે. (૩) ૧૨શી. ૬પે (૪) ૧૫શી. ૯પે. (૫) ૧૭ શી. ૬ પે. (૬) ૧ પૌં. ૬ શી. ૮પે. (૭) ૧ શી. ૧ પે. (૮) ૩$\frac{૩}{૪}$ પે. (૯) ૧ રૂ. ૬ આ. ૪$\frac{૪}{૫}$ પા. (૧૦) ૧ પૌં. ૨શી. ૬પે. (૧૧) ૧૧$\frac{૧}{૪}$ પે. (૧૨) ૮શી. (૧૩) ૪શી. (૧૪) ૪ પે. (૧૫) ૧શી. (૧૬) ૧૮ શી. ૨$\frac{૧}{૨}$ પે. $\frac{૨}{૭}$ ફા. (૧૭) ૧ પૌં. ૧૬ શી. ૪$\frac{૩}{૪}$ પે. $\frac{૧}{૫}$ ફા. (૧૮) ૧ પૌં. ૧૦ શી. ૬$\frac{૩}{૭}$ પે. (૧૯) ૧શી. ૧૦ પે (૨૦) ૪શી. ૭પે. (૨૧) ૧ શી. ૧૧ $\frac{૧}{૨}$ પે. $\frac{૪}{૫}$ ફા. (૨૨) ૭ શી. ૮$\frac{૧}{૨}$ પે. (૨૩) ૩પૌં. ૧૭ શી. ૩ પે. (૨૪) ૧ શી. ૪ પે. (૨૫) ૨પૌં. ૨ શી. (૨૬) ૩પૌં. ૧૪ શી. ૮$\frac{૧}{૨}$ પે. $\frac{૮}{૯}$ ફા. (૨૭) ૮શી. ૯$\frac{૩}{૪}$પે. $\frac{૨૪}{૨૫}$ ફા. (૨૮) ૧૬ક્વા. ૭પાં. (૨૯) ૧૨ ઔં. (૩૦) ૮ ફ. ૮૮ યા. (૩૧) ૨ રૂ. ૨૦ પો. (૩૨) ૩ ફ. ૨૫ પો. ૨ યા. ૧ ફુ. ૬ ઈં. (૩૩) ૨ ફુ. (૩૪) ૮ફ. ૮૮ યા. (૩૫) ૨ રૂ. ૨૦ પો. (૩૬) ૭ ક. ૧૨ મી. (૩૭) ૩ક્વા. ૧૪ પૌં. (૩૮) ૭ પૌં. ૯ આં. ૯$\frac{૩}{૫}$ ડ્રા. (૩૯) ૧ પાં. ૯ આં. (૪૦) ૨ ગે. ૧ ક્વા. ૧$\frac{૧}{૫}$ પીન્ટ. (૪૧) ૪ એ. ૧ રૂ. ૨ પો. ૩યા. ૧ ફુ. ૯૪$\frac{૧૪}{૨૯}$ ઈં. (૪૨) ૬ બુ. ૩ પે. ૧$\frac{૫}{૨૯}$ ગે. (૪૩) ૨ લો.

Ex. 31 અને 32 ના જવાબ.

૬ બુ. ૨ પેક ૧ ગ્યા. ૧$\frac{૧}{૩}$ કવા. (૪૪) ૩ વ. યા. ૫ વ.ફુ. ૨૮૧$\frac{૮૯}{૧૯૫}$વ. ઈં. (૪૫) ૫ ક. ૩૬ મી. (૪૬) ૯ મણ.(૪૭) ૩ મ. ૪$\frac{૧}{૪}$શે. (૪૮) ૨ હં. ૧ કવા. ૧૨ પૈં. (૪૯) ૩કવા. ૬પૈં. (૫૦) ૨૬. ૩૮ પો. ૨ યા. (૫૧) ૨ રૂ. $\frac{૫}{૧૯}$પો. (૫૨) ૪પૈં. (૫૩) ૨૬ પૈં.૧૪શી. (૫૪) ૬૯ પૈં. ૧૫ શી. ૧૦$\frac{૧}{૨}$ પે. (૫૫) ૬ એ. ૨ રૂ. ૨૬$\frac{૨}{૩}$ પો. (૫૬) ૯મ. ૨૪ શે. (૫૭) ૩ હં. ૪પાં. (૫૮) ૧ પૈં. ૫ શી. ૬પે. (૫૯) ૫ ફૂ. ૩૧ પો. ૨ ફુ. ૩ ઈં. (૬૦) ૧ મા. ૨ ફર. ૩૧૭ પો. ૨ યા. ૧ ફુ. ૨$\frac{૫}{૧૧}$ ઈં.

Ex. 31. (૧) ૧૦રૂ. ૨ આ.૪પા. (૨) ૧૭રૂ.૧૧આ.૩$\frac{૩}{૭}$પા (૩) ૯પૈં. ૨ શી. ૯ પે. (૪) ૧ પૈં. ૧૮ શીં. $\frac{૫}{૭}$ પે. (૫) ૨મ. ૧૧$\frac{૩}{૭}$ શે. (૬) ૧ હં. ૩ કવા. ૧૦ $\frac{૩}{૫}$ પાં. (૭) ૪પૈં. ૪શી. $\frac{૩}{૪}$પે. (૮)૧૮પૈં. ૧૨શી. (૯) ૫ પૈં.૨શી ૦પે.(૧૦)૩પૈં.૧૪શી.૧૦પે. (૧૧)૧૪શીં.૯$\frac{૩}{૪}$પે. (૧૨) ૫ રૂ. ૨ આ. ૨ પા. (૧૩) ૬૫ રૂ. (૧૪) ૨ મા. ૪ ફ. ૮ પો. ૪$\frac{૧}{૨}$ યા. (૧૫) ૧૫ ટન ૧૨ હં.૩કવા. ૧પાં (૧૬) ૧૭$\frac{૧}{૪}$પો. (૧૭) ૩ એ. ૧ રૂ. ૭$\frac{૧}{૨૪}$ પો. (૧૮) ૨૪ ટન ૧૮ હં. ૩ કવા. ૨૭$\frac{૧}{૬૭}$ પૈં. (૧૯) ૨ કવા. ૧$\frac{૧}{૨}$ બુ. (૨૦) ૭ એ. ૨ રૂ. ૧૪ પો. ૨૪$\frac{૩}{૪}$ ચો યા. (૨૧) ૧ પૈં. ૧ શી. ૨ પે. (૨૨) ૧ શી. ૧૧$\frac{૩}{૪}$પે. (૨૩) ૧૬પૈં. ૮શી. ૧૦$\frac{૫}{૧૧}$પે. (૨૪) ૧૨ પૈં ૨ શી. ૧૧$\frac{૧}{૭}\frac{૯}{૯}\frac{૧}{૩}$ પે. (૨૫) ૧૦આં.૩પેની.૯$\frac{૨}{૫}\frac{૧}{૯}$ગ્રે.(૨૬) ૪૬.૩૯પો ૨ યા. (૨૭) ૫ ઘ.ફી. ૧૧૦ $\frac{૨૪}{૩૭}$ ઘ. ઈં. (૨૮) ૪ મા. ૪ ફ. ૧ પો. ૧ યા. ૧ ફુ. ૧૧$\frac{૨}{૫}$ ઈં. (૨૯) ૨૭૨પદ્ધિ ૧૮ક. ૩૪મી. (૩૦) ૪ એ. ૧ રૂ. ૨૩ પો. ૩$\frac{૩}{૪}$ યા.

Ex. 32. (૧)$\frac{૧}{૬}$; ૫$\frac{૧}{૧૬૮}$.(૨) $\frac{૧૩}{૬૩}$;૪૬. (૩)$\frac{૭}{૬૬}$;૧$\frac{૫}{૯}$.(૪)$\frac{૨૯}{૧૮૭}$;૩$\frac{૩૫}{૧૮૭}$. (૫) $\frac{૭૯}{૪૪૮}$;$\frac{૧૯}{૧૧૨}$ (૬) $\frac{૩૧}{૧૬૦}$;૫$\frac{૧}{૪}$. (૭) ૫$\frac{૫}{૬૩}$;$\frac{૫}{૧૧}$. (૮) ૧૦૦૮$\frac{૮}{૧૫}$;$\frac{૧૧}{૧૬}$. (૯) ૩$\frac{૪૩}{૪૪}$;$\frac{૨}{૫}$. (૧૦) $\frac{૩}{૧૦}$, ૩$\frac{૧}{૭}$. (૧૧) $\frac{૨}{૫}$; ૭૯૨. (૧૨) $\frac{૧}{૫}$; $\frac{૫}{૬૮}$.

(૧૩) ૬$\frac{૨૯}{૧૧૨}$;૩$\frac{૪}{૧૫}$. (૧૪) $\frac{૧૦૦}{૨૯૭}$;૧$\frac{૨}{૩}$. (૧૫)૧$\frac{૧}{૨૦}$;૧$\frac{૨૩}{૨૪}$. (૧૬)$\frac{૪}{૭}$;૨$\frac{૧૪}{૨૫}$.

Ex. 33. (૧) $\frac{૫}{૧૪}$;$\frac{૭}{૨૦}$ (૨) $\frac{૧}{૩૬૦}$; ૨$\frac{૩૭}{૧૬૦}$. (૩) $\frac{૫}{૬}$;$\frac{૩}{૧૪૦}$. (૪) $\frac{૪૯}{૬૦}$;૪$\frac{૬૧}{૯૦}$. (૫) $\frac{૧૧}{૪૦}$; $\frac{૮}{૪૯}$. (૬) ૮$\frac{૩}{૪}$; ૮$\frac{૮}{૧૧}$. (૭) ૧૨$\frac{૪}{૯}$; $\frac{૧૩}{૫૬}$. (૮) $\frac{૧૮}{૩૫}$; ૧$\frac{૧૯}{૩૬}$. (૯) ૭$\frac{૧}{૨૬}$;$\frac{૨૧}{૨૮}$ (૧૦) ૧૮$\frac{૨}{૩}$;૧૦$\frac{૧}{૨}$ (૧૧) ૧૭$\frac{૧૯}{૨૯}$;$\frac{૧}{૧૬૦}$ (૧૨) ૧$\frac{૩૧}{૮૬}$;$\frac{૧૭}{૨૪૦}$. (૧૩) $\frac{૧૩૩}{૪૦૦}$;૨$\frac{૪૨}{૪૩}$ (૧૪) ૪૧$\frac{૪}{૫}$;$\frac{૧૦૯}{૮૪૦}$ (૧૫) ૪$\frac{૩}{૧૫}$;૧$\frac{૨}{૯}$ (૧૬) ૩$\frac{૪૩}{૧૨૫}$;$\frac{૯૨}{૧૩૫}$.

Ex. 34. (૧) $\frac{૯}{૧૭૫}$ (૨) $\frac{૩૦૧}{૧૬૦૦}$ (૩) $\frac{૧}{૪૯}$. (૪) $\frac{૨૮૩}{૧૬૦૦}$. (૫) $\frac{૮૨૯}{૪૮૦૦}$. (૬) $\frac{૧}{૪}$. (૭) $\frac{૮૩}{૧૪૪}$. (૮) $\frac{૨૭}{૮૦}$. (૯) $\frac{૭૦}{૪૬૭}$ (૧૦) ૨પે (૧૧) ૨પા. ૧૫શી. ૧૦$\frac{૧૦}{૩૫}$પે. (૧૨) ૧પા. ૧૭શી. ૬ પે. (૧૩) ૩શી. ૯પે. (૧૪) ૧શી.

